સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

WEEK 42

[OCT - 2020]
[11/10/20 to 17/10/20]


સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)





## CURRENT TOPICS

- નોબેલ પુરસ્કાર 2020 વિજેતાઓની જાહેરાત
- ભારતની પ્રથમ એન્ટી રેડિએશન મિસાઈલ રૂદ્રમ-1નું સફળ પરીક્ષણ
- French Open 2020 ટેનિસ ટુર્નામેન્ટ
- ભારતીય અર્થતંત્રમાં માંગને પ્રોત્સાહન આપવા માટે રૂ. 73,000 કરોડના આર્થિક પેકેજની જાહેરાત
- ગુજરાતના દેવભૂમિ દ્વારકા જિલ્લાના શિવરાજપુર બીચને ‘Blue Flag Beach’નું આંતરરાષ્ટ્રીય સન્માન
- ગુજરાતી ભાષાના અવિસ્મરણીય ગાયિકા સુશ્રી કૌમુદી મુનશીનું નિધન


www.ICEONLINE.IN
9375701110/9328001110

અમારી સાથે જોડાયેલા રહો :
Telegram : t.me/icerajkotofficial
Instagram : icerajkot

**11 OCTOBER, 2020 SUNDAY**

## ➤ દિવસ મહિમા : 11 ઓક્ટોબર, Day of Girls
અથવા
International Day of the Girl
અથવા
International Day of the Girl Child

## ➤ નોબેલ પુરસ્કાર 2020 વિજેતાઓની જાહેરાત

તાજેતરમાં વર્ષ 2020 માટેના નોબેલ પુરસ્કાર વિજેતાઓની જાહેરાત કરવામાં આવી છે. જે આ પ્રમાણે છે :

**નોબેલ પુરસ્કાર વિજેતા 2020**

| ક્રમ | પુરસ્કાર | વિજેતા | દેશ |
|---|---|---|---|
| 1 | ભૌતિકશાસ્ત્ર (Physics) | શ્રી રોજર પેનરોઝ | બ્રિટન |
| | | શ્રી રેઈનહાર્ડ ગેંઝેલ | જર્મની |
| | | સુશ્રી એન્ડ્રીયા ગેઝ | અમેરિકા |
| 2 | રસાયણશાસ્ત્ર (Chemistry) | સુશ્રી ઈમેન્યુએલ ચાર્પેન્ટિઅર | ફ્રાન્સ |
| | | સુશ્રી જેનિફર એ. દૌદના | અમેરિકા |
| 3 | ચિકિત્સા–શરીર વિજ્ઞાન (Medicine-Physiology) | શ્રી હાર્વે જે. અલ્ટર | અમેરિકા |
| | | શ્રી માઈકલ હયુટન | બ્રિટન |
| | | શ્રી ચાર્લ્સ એમ. રાઈસ | અમેરિકા |
| 4 | સાહિત્ય (Literature) | સુશ્રી લુઈસ ગ્લુક | અમેરિકા |
| 5 | શાંતિ (Peace) | World Food Programme (WFP) | - |
| 6 | અર્થશાસ્ત્ર (Economic Sciences) | શ્રી પૌલ આર. મિલગ્રોમ | અમેરિકા |
| | | શ્રી રોબર્ટ બી. વિલ્સન | અમેરિકા |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# વર્ષ 2020માં કયો નોબેલ પુરસ્કાર કોને ? શા માટે એનાયત થયો છે ?

## ભૌતિકશાસ્ત્ર

બ્રિટનના શ્રી રોજર પેનરોઝ, જર્મનીના શ્રી રેઈનહાર્ડ ગેંઝેલ અને અમેરિકાના સુશ્રી એન્ડ્રીયા ગેઝને બ્લેક હોલના સંશોધન માટે વર્ષ 2020નો ભૌતિકશાસ્ત્રનો નોબેલ પુરસ્કાર એનાયત થયો છે.

- જેમાં ખૂબ જ મહત્ત્વનું સંશોધન કરનાર બ્રિટનના શ્રી રોજર પેનરોઝને ઈનામની અડધી એટલે કે 50 ટકા રકમ આપવામાં આવશે.
- જ્યારે ઈનામની બાકીની 50 ટકા રકમ શ્રી રેઈનહાર્ડ ગેંઝેલ અને સુશ્રી એન્ડ્રીયા ગેઝને મળશે.

## રસાયણશાસ્ત્ર

DNAમાં ફેરફાર કરવા માટે અત્યંત મહત્ત્વની CRISPR-Cas9 નામની નવી પદ્ધતિ અથવા તો Genetic Scissors (આનુવંશિક કાતર)ની શોધ કરનાર બે મહિલાઓ ફ્રાન્સના સુશ્રી ઈમેન્યુએલ ચાર્પેન્ટિઅર અને અમેરિકાના સુશ્રી જેનિફર એ. દૌદનાને વર્ષ 2020નો રસાયણશાસ્ત્રનો નોબેલ પુરસ્કાર એનાયત થયો છે.

## ચિકિત્સા-શરીર વિજ્ઞાન

મનુષ્યમાં લિવર કેન્સર અને સોરાયસિસ માટે જવાબદાર 'હિપેટાઈટિસ' અંગે 'હિપેટાઈટિસ C વાઈરસ'ની શોધ કરનાર ત્રણ સંશોધકો –

(1) શ્રી હાર્વે જે. અલ્ટર (અમેરિકા)
(2) શ્રી માઈકલ હ્યુટન (બ્રિટન) અને
(3) શ્રી ચાર્લ્સ એમ. રાઈસ (અમેરિકા)

ને વર્ષ 2020નો મેડિસિનનો નોબેલ પુરસ્કાર એનાયત થયો છે.

## સાહિત્ય

અમેરિકાના પ્રસિદ્ધ મહિલા કવયિત્રી સુશ્રી લુઈસ ગ્લુકને તેમની કવિતાઓમાં રજૂ થયેલી નૂતન વિભાવના 'કઠોર સૌંદર્યથી વ્યકિતગત અસ્તિત્વ સાર્વત્રિક બને છે.' માટે વર્ષ 2020નો સાહિત્યનો નોબેલ પુરસ્કાર એનાયત થયો છે.

- સુશ્રી લુઈસ ગ્લુકના 1968માં પ્રસિદ્ધ થયેલા પ્રથમ કાવ્યસંગ્રહનું નામ 'Firstborn' છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## શાંતિ

વિશ્વના જરૂરતમંદ લોકો સુધી ખોરાક પહોંચાડતી વિશ્વની સૌથી મોટી સંસ્થા 'World Food Programme' (WFP) ને વર્ષ 2020નો શાંતિનો નોબેલ પુરસ્કાર એનાયત થયો છે.

- આ સંસ્થા દ્વારા વર્ષ 2019માં વિશ્વના 88 દેશોના લગભગ 10 કરોડ લોકોને ખોરાક પહોંચાડવામાં આવ્યો હતો.
- 'વર્લ્ડ ફૂડ પ્રોગ્રામ' (WFP) એ યુનાઈટેડ નેશન્સની એક પેટા સંસ્થા છે.
- તેનું વડું મથક ઈટલીના રોમ ખાતે આવેલું છે.
- તેની સ્થાપના 19 ડિસેમ્બર, 1961ના રોજ થઈ હતી.

## અર્થશાસ્ત્ર

વસ્તુની હરાજી (Auction)ની નવી પદ્ધતિની શોધ કરનાર અમેરિકાના બે સંશોધકો શ્રી પૌલ મિલગ્રોમ અને શ્રી રોબર્ટ વિલ્સનને વર્ષ 2020નો અર્થશાસ્ત્રનો નોબેલ પુરસ્કાર એનાયત થયો છે.

- તેમણે પરંપરાગત રીતે વેચવી શક્ય ન હોય તેવી Radio Frequencies જેવી ચીજોની હરાજી માટેની પદ્ધતિ પણ વિકસાવી છે.

## નોબેલ પુરસ્કાર

સ્વિડનના પ્રસિદ્ધ રસાયણશાસ્ત્રી શ્રી આલ્ફ્રેડ નોબેલની યાદમાં દર વર્ષે આ નોબેલ પુરસ્કાર એનાયત કરવામાં આવે છે.




- ઈ.સ. 1895માં શ્રી આલ્ફ્રેડ નોબેલ દ્વારા આ પુરસ્કારની સ્થાપના કરવામાં આવી હતી.
- આ અંતર્ગત સૌપ્રથમ ઈ.સ. 1901માં કુલ પાંચ ક્ષેત્રોમાં આ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો : (1) શાંતિ (2) સાહિત્ય (3) રસાયણશાસ્ત્ર (4) શરીરવિજ્ઞાન અથવા મેડિસિન અને (5) ભૌતિકશાસ્ત્ર.
- શરૂઆતમાં 1901થી દર વર્ષે ઉપરોક્ત પાંચ ક્ષેત્રોમાં આ એવોર્ડ એનાયત થયો હતો.
- ત્યારબાદ ઈ.સ. 1969થી અર્થશાસ્ત્રના નોબેલ પુરસ્કારની પણ શરૂઆત કરવામાં આવી.
- આથી, વર્તમાન સમયે અર્થશાસ્ત્ર સહિત કુલ 6 ક્ષેત્રોમાં આ પુરસ્કાર એનાયત કરવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- આ એવોર્ડ અંતર્ગત વિજેતાને **એક ગોલ્ડ મેડલ**, **એક સર્ટિફિકેટ** અને **રોકડ રકમ** એનાયત કરવામાં આવે છે.
- આ એવોર્ડ એનાયત કરવા માટેનો સમારોહ દર વર્ષે **સ્વિડન**ના પાટનગર **સ્ટોકહોમ** ખાતે યોજાય છે.
- જોકે, **શાંતિ**નો નોબેલ પુરસ્કાર **સ્વિડન** દ્વારા નહિ પરંતુ **નોર્વે** દ્વારા એનાયત થાય છે.
- આથી, **શાંતિ**નો નોબેલ પુરસ્કાર એનાયત કરવા માટેનો સમારોહ **નોર્વે**ના પાટનગર **ઓસ્લો** ખાતે યોજાય છે.

**કયો નોબેલ પુરસ્કાર કોના દ્વારા એનાયત થાય છે ?**

| ક્રમ | નોબેલ પુરસ્કાર | કોના દ્વારા એનાયત થાય છે ? |
|---|---|---|
| 1 | સાહિત્ય | સ્વિડિશ એકેડમી |
| 2 | ફિઝિક્સ, કેમેસ્ટ્રી | રોયલ સ્વિડિશ એકેડમી ઓફ સાયન્સિઝ |
| 3 | મેડિસિન–ફિઝિયોલોજી | નોબેલ એસેમ્બ્લી એટ ધ કેરોલિન્સ્કા ઈન્સ્ટિટ્યૂટ |
| 4 | શાંતિ | નોર્વેજીયન નોબેલ કમિટી |
| 5 | અર્થશાસ્ત્ર | સ્વેરિગ્સ રિક્સબેન્ક |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## પુરસ્કારની રકમ

આ એવોર્ડ અંતર્ગત પુરસ્કાર રૂપે કેટલી ધનરાશી આપવી તે **'નોબેલ ફાઉન્ડેશન'** દ્વારા નક્કી થાય છે.

- આ એવોર્ડ વિજેતા વ્યક્તિવિશેષને **એક ગોલ્ડ મેડલ**, **એક સર્ટિફિકેટ** અને વર્ષ **2018**માં **9 મિલિયન SEK (સ્વિડિશ ચલણ)** અથવા તો **9,86,000 અમેરિકન ડોલર** રોકડ રકમ આપવામાં આવી હતી.

## પુરસ્કાર સમારોહ

આ એવોર્ડ એનાયત કરવા માટેનો સમારોહ દર વર્ષે **સ્વિડન**ના પાટનગર **સ્ટોકહોમ** ખાતે યોજાય છે.

- જોકે, **શાંતિ**નો નોબેલ પુરસ્કાર **સ્વિડન** દ્વારા નહિ, પરંતુ **નોર્વે** દ્વારા એનાયત થાય છે.
- આથી, **શાંતિ**નો નોબેલ પુરસ્કાર એનાયત કરવા માટેનો સમારોહ **નોર્વે**ના પાટનગર **ઓસ્લો** ખાતે યોજાય છે.

## નોબેલ પુરસ્કાર વિજેતા ભારતીય

| ક્રમ | નામ | વર્ષ | ક્ષેત્ર |
|---|---|---|---|
| 1 | શ્રી રવિન્દ્રનાથ ટાગોર | 1913 | સાહિત્ય |
| 2 | શ્રી સી. વી. રામન | 1930 | ભૌતિકશાસ્ત્ર (Physics) |
| 3 | મધર ટેરેસા (જન્મ : સ્કોપ્જે, મેસેડોનિયા; નિધન : કોલકાતા) | 1979 | શાંતિ |
| 4 | શ્રી અમર્ત્ય સેન | 1998 | અર્થશાસ્ત્ર |
| 5 | શ્રી કૈલાશ સત્યાર્થી | 2014 | શાંતિ |

## નોબેલ પુરસ્કાર વિજેતા ભારતીય મૂળના કેટલાક વ્યક્તિઓ

| ક્રમ | નામ | વર્ષ | ક્ષેત્ર |
|---|---|---|---|
| 1 | શ્રી હરગોવિંદ ખુરાના | 1968 | મેડિસિન |
| 2 | શ્રી સુબ્રમણ્યમ ચન્દ્રશેખર | 1983 | ભૌતિકશાસ્ત્ર (Physics) |
| 3 | શ્રી વી. એસ. નાયપોલ | 2001 | સાહિત્ય |
| 4 | શ્રી વેંકટરામન રામકૃષ્ણન | 2009 | રસાયણશાસ્ત્ર (Chemistry) |
| 5 | શ્રી અભિજીત બેનર્જી | 2019 | અર્થશાસ્ત્ર (Economic Sciences) |

**નોંધ :** (1) શ્રી રવિન્દ્રનાથ ટાગોર નોબેલ પુરસ્કાર વિજેતા પ્રથમ ભારતીય તથા પ્રથમ એશિયન વ્યક્તિ છે. તેમને 1913માં સાહિત્યનો નોબેલ પુરસ્કાર એનાયત થયો હતો.

(2) છેલ્લે વર્ષ 2014માં ભારતના શ્રી કૈલાશ સત્યર્થીને શાંતિનો નોબેલ પુરસ્કાર એનાયત થયો હતો.

(3) શ્રી રવિન્દ્રનાથ ટાગોર અગાઉ ભારતના વર્તમાન ઉત્તરાખંડમાં જન્મેલા શ્રી રોનાલ્ડ રોસને 1902માં મેડિસિનનો અને ભારતના મુંબઈમાં જન્મેલા શ્રી રુયાર્ડ કિપલિંગને 1907માં સાહિત્યનો નોબેલ પુરસ્કાર એનાયત થયો હતો. જોકે, તેઓ બ્રિટનના નાગરિક હતા.

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

ICE ? Questions

1. 'આંતરરાષ્ટ્રીય ગર્લ ચાઈલ્ડ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 10 ઓક્ટોબર (B) 11 ઓક્ટોબર (C) 12 ઓક્ટોબર (D) 13 ઓક્ટોબર **(B)**

2. વર્ષ 2020ના ભૌતિકશાસ્ત્રના નોબેલ પુરસ્કાર વિજેતામાં નીચેનામાંથી કોનો સમાવેશ થતો નથી ?
(A) શ્રી હાર્વે અલ્ટર (B) શ્રી રોજર પેનરોઝ
(C) શ્રી રેઈનહાર્ડ ગેંઝેલ (D) સુશ્રી એન્ડ્રીયા ગેઝ **(A)**

3. શ્રી રોજર પેનરોઝ, શ્રી રેઈનહાર્ડ ગેંઝેલ અને સુશ્રી એન્ડ્રીયા ગેઝને શેના સંશોધન અંગે વર્ષ 2020નો ભૌતિકશાસ્ત્રનો નોબેલ પુરસ્કાર એનાયત થયો છે ?
(A) જિનેટિક સિઝર (B) હરાજીની નવી પદ્ધતિ
(C) બ્લેક હોલ (D) હિપેટાઈટિસ **(C)**

4. કયા બે મહિલા સંશોધકોને વર્ષ 2020નો રસાયણશાસ્ત્રનો નોબેલ પુરસ્કાર એનાયત થયો છે ?
(A) સુશ્રી ઈમેન્યુએલ ચાર્પેન્ટિઅર અને સુશ્રી લુઈક ગ્લુક
(B) સુશ્રી ઈમેન્યુએલ ચાર્પેન્ટિઅર અને સુશ્રી એસ્થર ડફલો
(C) સુશ્રી ઈમેન્યુએલ ચાર્પેન્ટિઅર અને સુશ્રી જેનિફર દૌદના
(D) સુશ્રી ઈમેન્યુએલ ચાર્પેન્ટિઅર અને સુશ્રી એન્ડ્રીયા ગેઝ **(C)**

5. કયા દેશના બે મહિલા સંશોધકો સુશ્રી ઈમેન્યુએલ ચાર્પેન્ટિઅર અને સુશ્રી જેનિફર દૌદનાને વર્ષ 2020નો રસાયણશાસ્ત્રનો નોબેલ પુરસ્કાર એનાયત થયો છે ?
(A) બ્રિટન (B) ફ્રાન્સ સુશ્રી (C) જર્મની (D) અમેરિકા **(D)**

6. અમેરિકાના બે મહિલા સંશોધકો સુશ્રી ઈમેન્યુએલ ચાર્પેન્ટિઅર અને સુશ્રી જેનિફર દૌદનાને શેની શોધ માટે વર્ષ 2020નો રસાયણશાસ્ત્રનો નોબેલ પુરસ્કાર એનાયત થયો છે ?
(A) જિનેટિક સિઝર (B) હરાજીની નવી પદ્ધતિ
(C) બ્લેક હોલ (D) હિપેટાઈટિસ **(A)**

7. શ્રી હાર્વે અલ્ટર, શ્રી માઈકલ હ્યુટન અને શ્રી ચાર્લ્સ રાઈસને વર્ષ 2020નો કયો નોબેલ પુરસ્કાર એનાયત થયો છે ?
(A) ભૌતિકશાસ્ત્ર (B) રસાયણશાસ્ત્ર
(C) ચિકિત્સા–શરીર વિજ્ઞાન (D) અર્થશાસ્ત્ર **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

8. શ્રી હાર્વે અલ્ટર, શ્રી માઈકલ હ્યુટન અને શ્રી ચાર્લ્સ રાઈસને શેની શોધ માટે વર્ષ 2020નો ચિકિત્સાનો નોબેલ પુરસ્કાર એનાયત થયો છે ?
(A) હિપેટાઈટિસ A (B) હિપેટાઈટિસ B
(C) હિપેટાઈટિસ C (D) હિપેટાઈટિસ D **(C)**

9. વર્ષ 2020નો સાહિત્યનો નોબેલ પ્રાઈઝ કોને એનાયત થયો છે ?
(A) સુશ્રી એસ્થર ડફ્લો (B) સુશ્રી લુઈસ ગ્લુક
(C) સુશ્રી એન્ડ્રીયા ગેઝ (D) સુશ્રી જેનિફર દૌદના **(B)**

10. કયા દેશના પ્રસિદ્ધ મહિલા કવયિત્રી સુશ્રી લુઈસ ગ્લુકને વર્ષ 2020નો સાહિત્યનો નોબેલ પ્રાઈઝ એનાયત થયો છે ?
(A) બ્રિટન (B) ફ્રાન્સ (C) જર્મની (D) અમેરિકા **(D)**

11. વર્ષ 2020ના શાંતિના નોબેલ પુરસ્કારના સંદર્ભમાં નીચેનામાંથીકયું/કયા વિધાનો સાચા છે ?
1. 'વર્લ્ડ ફૂડ પ્રોગ્રામ' (WFP)ને વર્ષ 2020નો શાંતિનો નોબેલ પુરસ્કાર એનાયત થયો છે.
2. 'વર્લ્ડ ફૂડ પ્રોગ્રામ' (WFP)નું વડું મથક અમેરિકાના ન્યુયોર્ક ખાતે આવેલું છે.

Ans.(A) 1 અને 2 (B) ફક્ત 1
(C) ફક્ત 2 (D) બેમાંથી એકપણ નહિ **(B)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

12. વર્ષ 2020નો અર્થશાસ્ત્રનો નોબેલ પુરસ્કાર કોને એનાયત થયો છે ?
(A) શ્રી પૌલ મિલગ્રોમ અને શ્રી રોબર્ટ વિલ્સન
(B) શ્રી પૌલ મિલગ્રોમ અને શ્રી માઈકલ હ્યુટન
(C) શ્રી પૌલ મિલગ્રોમ અને શ્રી ચાર્લ્સ રાઈસ
(D) ત્રણમાંથી કોઈ નહિ **(A)**

13. કયા દેશના શ્રી પૌલ મિલગ્રોમ અને શ્રી રોબર્ટ વિલ્સનને વર્ષ 2020નો અર્થશાસ્ત્રનો નોબેલ પુરસ્કાર એનાયત થયો છે ?
(A) બ્રિટન (B) ફ્રાન્સ (C) જર્મની (D) અમેરિકા **(D)**

14. સાહિત્યનો નોબેલ પુરસ્કાર કોના દ્વારા એનાયત થાય છે ?
(A) રોયલ સ્વિડિશ એકેડમી ઓફ સાયન્સિઝ
(B) નોર્વેજીયન નોબેલ કમિટી
(C) સ્વિડિશ એકેડમી
(D) રોયલ સ્વિડિશ એકેડમી ફોર લિટરેચર **(C)**

**12 OCTOBER, 2020 MONDAY**

## ➤ ભારતની પ્રથમ એન્ટી રેડિએશન મિસાઈલ રૂદ્રમ-1નું સફળ પરીક્ષણ

9 ઓક્ટોબર, 2020ના રોજ ભારતમાં DRDO દ્વારા રૂદ્રમ-1 મિસાઈલનું સફળ પરીક્ષણ કરવામાં આવ્યું છે.

- ભારતમાં ઓડિશાના બાલાસોર ખાતે આવેલી ઈન્ટીગ્રેટેડ ટેસ્ટ રેન્જ (ITR) ખાતેથી આ મિસાઈલનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું.
- આ અંતર્ગત ભારતીય વાયુસેનાના 'સુખોઇ' (અથવા તો Sukhoi Su-30MKI) વિમાનમાંથી આ મિસાઈલ છોડવામાં આવી હતી.
- જેણે પરીક્ષણ માટેના નકલી ટાર્ગેટનું રેડિએશન ઓળખીને તેનો નાશ કર્યો હતો.

### રૂદ્રમ-1ની વિશેષતા



રૂદ્રમ-1 (Rudram-1) એ ભારતની Anti-Radiation Missile (એન્ટી રેડિએશન મિસાઈલ) છે.

- તેની પ્રહાર ક્ષમતા 250 કિમી સુધીની છે.
- તે 'Air-to-Surface' એટલે કે 'હવામાંથી જમીન પર' વાર કરવા માટે સક્ષમ છે.
- ભારતમાં DRDOના – Anti-Radiation Missile (ARM) અથવા તો New Generation Anti-Radiation Missile (NGARM) પ્રોજેક્ટ અંતર્ગત આ મિસાઈલ વિકસાવવામાં આવી છે.
- રૂદ્રમ-1 એ ભારતમાં નિર્માણ પામેલી ભારતની પ્રથમ એન્ટી રેડિએશન મિસાઈલ છે.
- આ મિસાઈલ દુશ્મન દેશોના રડાર, એર ડિફેન્સ સિસ્ટમ તથા કોમ્યુનિકેશન સિસ્ટમ વગેરે તોડી પાડવા માટે સક્ષમ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**નોંધ :** (1) આ મિસાઈલની ઝડપ <u>2500</u> કિમી પ્રતિ કલાક સુધીની છે.

(2) યુદ્ધ જેવા સંજોગોમાં કોમ્યુનિકેશન અતિ મહત્ત્વની બાબત છે. કોઈપણ દેશ પાવરફૂલ કોમ્યુનિકેશન વગર યુદ્ધ જીતી ન શકે. દુશ્મનોની આ કોમ્યુનિકેશન સિસ્ટમ જ તોડી નાખવા માટે ભારતે આ રૂદ્રમ-1 મિસાઈલનું નિર્માણ કર્યું છે. જે ખૂબ જ અગત્યની છે.

(3) <u>DRDOનું</u> પૂરું નામ <u>Defence Research and Development Organisation</u> છે.

## ➤ ભારતમાં બિહારના પ્રસિદ્ધ નેતા અને કેન્દ્ર સરકારના કેબિનેટ મંત્રી શ્રી રામવિલાસ પાસવાનનું નિધન

ભારતમાં કેન્દ્ર સરકારના મંત્રી **<u>શ્રી રામવિલાસ પાસવાનનું</u>** 8 ઓક્ટોબર 2020ના રોજ **<u>નવી દિલ્હી</u>** ખાતે 74 વર્ષની વયે નિધન થયું છે.

- નિધન સમયે તેઓ ભારતમાં કેન્દ્ર સરકારના **<u>ગ્રાહક બાબતો અન્ન અને જાહેર વિતરણ મંત્રાલય</u>**ના કેબિનેટ કક્ષાના મંત્રી હતા.
- 5 જુલાઈ 1946ના રોજ **<u>બિહારના ખગરિયામાં</u>** તેમનો જન્મ થયો હતો.

### રાજકીય કારકિર્દી

શ્રી રામવિલાસ પાસવાનની રાજકીય કારકિર્દીનો પ્રારંભ **<u>'સંયુક્ત સોશિયાલિસ્ટ પાર્ટી'</u>**ના સભ્ય બનવાથી થયો હતો.

- અને તેમણે 1969માં માત્ર 23 વર્ષની ઉંમરે બિહાર વિધાનસભાની ચૂંટણી જીતી હતી.
- ત્યારબાદ તેઓ **<u>'લોક દળ'</u>** તથા **<u>'જનતા પાર્ટી'</u>** નામના પક્ષમાં પણ જોડાયા હતા.
- વર્ષ **<u>2000</u>**માં તેમણે બિહારમાં **<u>'લોક જનશક્તિ પાર્ટી' (LJP)</u>** નામના નવા પક્ષની સ્થાપના કરી હતી.
- લોકસભાના સભ્ય તરીકે તેઓ બિહારની હાજીપુર અને રોસેરા લોકસભા બેઠકો પરથી અનેક વખત ચૂંટાયા હતા.
- જોકે, નિધન સમયે તેઓ **<u>બિહાર</u>**માંથી **<u>રાજ્યસભાના સભ્ય</u>** હતા.
- તેઓ સૌપ્રથમ વખત 1989માં **<u>શ્રી વી. પી. સિંહ</u>**ની સરકારમાં કેન્દ્ર સરકારના **<u>શ્રમ અને કલ્યાણ મંત્રી</u>** રહયા હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

- ત્યારબાદ તેઓ જુદી–જુદી સરકારમાં અનેક વખત કેન્દ્રીય મંત્રી રહયા હતા. જેમ કે,

| શ્રી રામવિલાસ પાસવાન કેન્દ્રીય મંત્રી તરીકે | | |
|---|---|---|
| ક્રમ | મંત્રી પદ | સરકાર |
| 1 | શ્રમ અને કલ્યાણ મંત્રી | શ્રી વી. પી. સિંહ |
| 2 | રેલવે મંત્રી | શ્રી એચ. ડી. દેવગૌડા |
| 3 | કોમ્યુનિકેશન અને આઈ.ટી. મંત્રી | શ્રી અટલ બિહારી વાજપેઈ |
| 4 | ખાણ મંત્રી | શ્રી અટલ બિહારી વાજપેઈ |
| 5 | રસાયણ અને ખાતર મંત્રી | ડૉ. મનમોહન સિંહ |
| 6 | ગ્રાહક બાબતો, અન્ન અને જાહેર વિતરણ મંત્રી | શ્રી નરેન્દ્રભાઈ મોદી |

**નોંધ :** (1) શ્રી રામવિલાસ પાસવાન 1969માં બિહાર પોલીસમાં DSP તરીકે પણ પસંદ થયા હતા.

(2) શ્રી રામવિલાસ પાસવાનના નિધન બાદ ભારતમાં કેન્દ્ર સરકારના ગ્રાહક બાબતો, અન્ન અને જાહેર વિતરણ મંત્રાલયનો વધારાનો હવાલો શ્રી પિયૂષ ગોયલને સોંપવામાં આવ્યો છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS



ICE Questions

1. ભારતમાં નિર્માણ પામેલી ભારતની પ્રથમ એન્ટી રેડિએશન મિસાઈલનું નામ શું છે ?
(A) અસ્ત્ર-1 (B) નાગ-1 (C) રૂદ્રમ-1 (D) ભિષ્મ-1 **(C)**

2. ઓક્ટોબર 2020 દરમિયાન ભારતમાં કયાં આવેલી ઈન્ટીગ્રેટેડ ટેસ્ટ રેન્જ (ITR) પરથી ભારતે રૂદ્રમ-1 મિસાઈલનું સફળ પરીક્ષણ કર્યું હતું ?
(A) શ્રી હરિકોટા, આંધ્રપ્રદેશ (B) બાલાસોર, ઓડિશા
(C) વિશાખાપટ્ટનમ, તમિલનાડુ (D) કોલકાતા, પશ્ચિમ બંગાળ **(B)**

3. ઓડિશાના બાલાસોર ખાતેથી ભારતે કયા વિમાનમાંથી રૂદ્રમ-1 મિસાઈલનું સફળ પરીક્ષણ કર્યું હતું ?
(A) રાફેલ (B) મિરાજ 2000
(C) મિગ 29 (D) સુખોઈ SU30 MKI **(D)**

4. રૂદ્રમ-1 એ ભારતની કયા પ્રકારની મિસાઈલ છે ?
(A) એન્ટી ટેન્ક (B) એન્ટી સબમરીન
(C) એન્ટી સેટેલાઈટ (D) એન્ટી રેડિએશન **(D)**

5. ભારતમાં નિર્માણ પામેલી પ્રથમ એન્ટી રેડિએશન મિસાઈલ રૂદ્રમ-1ની પ્રહાર ક્ષમતા કયા પ્રકારની છે ?
(A) Surface-to-Surface (જમીન પરથી જમીન)
(B) Surface-to-Water (જમીન પરથી પાણી)
(C) Surface-to-Air (જમીન પરથી હવા)
(D) Air-to-Surface (હવામાંથી જમીન) **(D)**

6. DRDO દ્વારા તેના ARM (Anti-Radiation Missile) અથવા તો NGARM (New Generation Anti-Radiation Missile) પ્રોજેક્ટ અંતર્ગત ભારતમાં વિકસાવવામાં આવેલી પ્રથમ મિસાઈલને શું નામ આપવામાં આવ્યું છે ?
(A) અસ્ત્ર-1 (B) નાગ-1 (C) રૂદ્રમ-1 (D) ભિષ્મ-1 **(C)**

7. ભારત દ્વારા તાજેતરમાં રૂદ્રમ-1 મિસાઈલનું સફળ પરીક્ષણ કરવામાં આવ્યું છે....તેની પ્રહાર ક્ષમતા કેટલા કિલોમીટર સુધીની છે ?
(A) 250 (B) 500 (C) 800 (D) 1500 **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**8.** ભારતમાં કેન્દ્ર સરકારના કેબિનેટ મંત્રી શ્રી રામવિલાસ પાસવાનનું નિધન થયું છે.... નિધન સમયે તેઓ કેન્દ્ર સરકારના કયા મંત્રી હતા ?

(A) રેલવે મંત્રી
(B) શ્રમ અને કલ્યાણ મંત્રી
(C) માહિતી અને પ્રસારણ મંત્રી
(D) ગ્રાહક બાબતો, અન્ન અને જાહેર વિતરણ મંત્રી **(D)**

**9.** ભારતમાં કેન્દ્ર સરકારના મંત્રી અને બિહારના પ્રસિદ્ધ નેતા શ્રી રામવિલાસ પાસવાનનું નિધન થયું છે...નિધન સમયે તેઓ બિહારની કઈ લોકસભા સીટ પરથી સાંસદ હતા ?

(A) હાજીપુર (B) રોસેરા
(C) પટના (D) ત્રણમાંથી કોઈ નહિ **(D)**

**10.** શ્રી રામવિલાસ પાસવાનનું તાજેતરમાં નિધન થયું છે...તેમણે બિહારમાં કયા નવા પક્ષની સ્થાપના કરી હતી ?

(A) લોક દળ (B) જનતા દળ યુનાઈટેડ
(C) લોક જનશક્તિ પાર્ટી (D) સમાજવાદી જનતા પાર્ટી **(C)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS




**13 OCTOBER, 2020 TUESDAY**

## ➢ દિવસ મહિમા : 13 ઓક્ટોબર, આંતરરાષ્ટ્રીય આપત્તિ નિવારણ દિવસ (International Day for Disaster Reduction)

સમગ્ર વિશ્વમાં આપત્તિનું જોખમ ઘટાડવા અને એ અંગે જાગૃતિ ફેલાવવા માટે દર વર્ષે 13 ઓક્ટોબરના રોજ 'આંતરરાષ્ટ્રીય આપત્તિ નિવારણ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.


- વર્ષ 2020ની 'આંતરરાષ્ટ્રીય આપત્તિ નિવારણ દિવસ'ની થીમ 'Disaster Risk Governance' છે.

## ➢ The Global Mobile Internet Speed Ranking 2020માં ભારત 131મા ક્રમે

Ookla's Speedtest Global Index દ્વારા તાજેતરમાં સપ્ટેમ્બર 2020ના ડેટાને આધારે 'The Global Mobile Internet Speed Ranking' અંતર્ગત વિશ્વના 138 દેશોને રેન્ક આપવામાં આવ્યા છે.

- જેમાં મોબાઈલ ઈન્ટરનેટની ડેટા ડાઉનલોડ સ્પીડની બાબતમાં વિશ્વના 138 દેશોમાં ભારત 131મા ક્રમે છે.
- આ રિપોર્ટ અનુસાર સમગ્ર વિશ્વની સરેરાશ મોબાઈલ ઈન્ટરનેટ ડાઉનલોડ સ્પીડ 35.96 Mbps છે.
- જ્યારે ભારતની સરેરાશ સ્પીડ 12.07 Mbps છે.
- વર્ષ 2020ના રેન્કિંગમાં સાઉથ કોરિયા પ્રથમ ક્રમે છે.
- સાઉથ કોરિયા બાદ ચીન બીજા અને UAE ત્રીજા ક્રમે છે.
- જ્યારે અફઘાનિસ્તાન અંતિમ 138મા ક્રમે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



**Global Mobile Internet Speed Ranking, September 2020**

| Rank | Country | Mobile Internet Download Speed in Mbps |
|---|---|---|
| 1 | સાઉથ કોરિયા | 121.00 |
| 2 | ચીન | 113.35 |
| 3 | UAE | 109.43 |
| 33 | અમેરિકા | 47.13 |
| 57 | માલદીવ | 35.70 |
| 89 | મ્યાનમાર | 23.22 |
| 102 | શ્રીલંકા | 19.95 |
| 116 | પાકિસ્તાન | 17.13 |
| 117 | નેપાળ | 17.12 |
| 131 | ભારત | 12.07 |
| 133 | બાંગ્લાદેશ | 10.76 |
| 138 | અફઘાનિસ્તાન | 7.26 |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**નોંધ :** (1) જ્યારે આ રિપોર્ટ અનુસાર Fixed Broadband Internet Download Speedની બાબતમાં સમગ્ર વિશ્વના 175 દેશોમાં 46.47 Mbpsની સ્પીડ સાથે ભારત 70મા ક્રમે છે.

(2) Fixed Broadband Internet Download Speedની બાબતમાં 226.60 Mbpsની સ્પીડ સાથે સિંગાપોર પ્રથમ ક્રમે છે. અને 3.40 Mbpsની સ્પીડ સાથે તુર્કમેનિસ્તાન અંતિમ 175મા ક્રમે છે.

## Global Fixed Broadband Internet Speed Ranking, September 2020

| Rank | Country | Fixed Broadband Internet Download Speed in Mbps |
|---|---|---|
| 1 | સિંગાપોર | 226.60 |
| 2 | હોંગકોંગ | 210.73 |
| 3 | રોમાનિયા | 193.47 |
| 10 | અમેરિકા | 161.14 |
| 20 | ચીન | 138.66 |
| 70 | ભારત | 46.47 |
| 94 | શ્રીલંકા | 31.42 |
| 98 | બાંગ્લાદેશ | 29.85 |
| 113 | નેપાળ | 22.36 |
| 117 | માલદીવ | 21.56 |
| 126 | ભૂટાન | 19.09 |
| 127 | મ્યાનમાર | 18.81 |
| 157 | અફઘાનિસ્તાન | 10.31 |
| 159 | પાકિસ્તાન | 10.10 |
| 175 | તુર્કમેનિસ્તાન | 3.40 |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**નોંધ :** (1) વિશ્વના અન્ય દેશોની તુલનાએ ભારતમાં મોબાઈલ ઈન્ટરનેટ સ્પીડ ઓછી હોવાનું મુખ્ય કારણ ભારતમાં મોબાઈલ ઈન્ટરનેટ ડેટાના ઓછા ભાવ છે.

(2) સમગ્ર વિશ્વમાં મોબાઈલ ઈન્ટરનેટ ડેટાના સૌથી ઓછા ભાવ ભારતમાં છે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE
icerajkot

## ➤ ભૂજળમાંથી મેળવાયેલા પીવાના પાણીનો બગાડ ભારતમાં હવે સજાને પાત્ર ગુનો ગણાશે

તાજેતરમાં ભારતમાં કેન્દ્ર સરકારના જળશકિત મંત્રાલય અંતર્ગતના 'Central Ground Water Authority' (CGWA) દ્વારા એક આદેશ જારી કરવામાં આવ્યો છે.

- આ આદેશ અનુસાર –
  - (1) ભૂજળમાંથી મેળવવામાં આવેલા પીવાના પાણીનો બગાડ અથવા તો તેનો દુરૂપયોગ હવે ભારતમાં સજાને પાત્ર ગુનો ગણાશે.
  - (2) આ ગુના માટે રૂ. 1 લાખનો દંડ અને 5 વર્ષની કેદની સજા થઈ શકશે.

**નોંધ :** (1) ભારતમાં પીવાના પાણીની ભારે અછત સર્જાઈ રહી છે.

(2) આથી, ભારતમાં પીવાના પાણીનો બગાડ અટકાવવા માટે પ્રથમ વખત આવી જોગવાઈ કરવામાં આવી છે. ભારતમાં પાણીના બગાડ માટે અગાઉ સજા અને દંડની કોઈ જ જોગવાઈ ન હતી.

(3) CGWA દ્વારા 'પર્યાવરણ (સંરક્ષણ) એક્ટ, 1986'ની કલમ-5 દ્વારા પ્રાપ્ત શકિતનો ઉપયોગ કરીને આ જોગવાઈ કરવામાં આવી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ➤ 'પ્રોજેક્ટ લાયન' અંતર્ગત સિંહોના સ્થળાંતર માટે સંભવિત 6 સ્થળો શોધાયાં

ભારતમાં દહેરાદૂન ખાતે આવેલી 'વાઈલ્ડલાઈફ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા' અને ગુજરાત રાજ્યના વન વિભાગ દ્વારા તાજેતરમાં એક રિપોર્ટ પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે.

- આ રિપોર્ટમાં ગુજરાતના ગીરના જંગલોમાંથી સિંહોને સુરક્ષિત રીતે સ્થળાંતર કરી શકાય તેવા સંભવિત 6 સ્થળોની ઓળખ કરવામાં આવી છે.
- આ 6 સ્થળોમાં નીચેના સ્થળોનો સમાવેશ થાય છે.

| સિંહો માટેના સંભવિત 6 રહેણાંક | | |
|---|---|---|
| ક્રમ | સ્થળ | રાજ્ય |
| 1 | જેસોર–બાલારામ જંગલ, અંબાજી | ગુજરાત |
| 2 | માધવ નેશનલ પાર્ક | મધ્યપ્રદેશ |
| 3 | ગાંધીસાગર અભયારણ્ય | મધ્યપ્રદેશ |
| 4 | સીતામાતા અભયારણ્ય | રાજસ્થાન |
| 5 | મુકુન્દ્રા હિલ્સ નેશનલ પાર્ક | રાજસ્થાન |
| 6 | કુંભલગઢ અભયારણ્ય | રાજસ્થાન |

**નોંધ :** ભારતમાં '**પ્રોજેક્ટ લાયન**' અંતર્ગત સિંહોના સ્થળાંતર માટેના આ સંભવિત 6 સ્થળોની ઓળખ કરવામાં આવી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®



## ICE Questions

1. 'આંતરરાષ્ટ્રીય આપત્તિ નિવારણ દિવસ' અથવા તો "International Day for Disaster Reduction' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
   (A) 11 ઓક્ટોબર (B) 12 ઓક્ટોબર (C) 13 ઓક્ટોબર (D) 14 ઓક્ટોબર **(C)**

2. ઓકલા સ્પીડટેસ્ટ ગ્લોબલ ઈન્ડેક્સ દ્વારા પ્રસિદ્ધ થયેલા 'ગ્લોબલ મોબાઈલ ઈન્ટરનેટ સ્પીડ રેન્કિંગ 2020'માં વિશ્વના 138 દેશોમાં ભારત કયા ક્રમે છે ?
   (A) 70મા (B) 85મા (C) 118મા (D) 131મા **(D)**

3. ઓકલા સ્પીડટેસ્ટ ગ્લોબલ ઈન્ડેક્સ દ્વારા પ્રસિદ્ધ થયેલા 'ગ્લોબલ મોબાઈલ ઈન્ટરનેટ સ્પીડ રેન્કિંગ 2020'માં પ્રથમ ક્રમે કયો દેશ છે ?
   (A) સિંગાપોર (B) હોંગકોંગ (C) સાઉથ કોરિયા (D) UAE **(C)**

4. ઓકલા સ્પીડટેસ્ટ ગ્લોબલ ઈન્ડેક્સ દ્વારા પ્રસિદ્ધ થયેલા 'ગ્લોબલ મોબાઈલ ઈન્ટરનેટ સ્પીડ રેન્કિંગ 2020'માં અંતિમ 138મા ક્રમે કયો દેશ છે ?
   (A) આર્મેનિયા (B) અફઘાનિસ્તાન (C) ઘાના (D) તુર્કમેનિસ્તાન **(B)**

5. ઓકલા સ્પીડટેસ્ટ ગ્લોબલ ઈન્ડેક્સ દ્વારા સપ્ટેમ્બર 2020ના ડેટાને આધારે પ્રસિદ્ધ થયેલા 'ગ્લોબલ ફિક્સ્ડ બ્રોડબેન્ડ ઈન્ટરનેટ સ્પીડ રેન્કિંગ'માં વિશ્વના 175 દેશોમાં ભારત કયા ક્રમે છે ?
   (A) 60મા (B) 70મા (C) 72મા (D) 131મા **(B)**

6. ભારતમાં કઈ સંસ્થા દ્વારા જારી કરાયેલા આદેશ અનુસાર ભૂજળમાંથી મેળવાયેલા પીવાના પાણીનો બગાડ હવે સજાને પાત્ર ગુનો ગણાશે ?
   (A) નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ (NGT)
   (B) નેશનલ એનવાયર્નમેન્ટ ઓથોરિટી (NEA)
   (C) સેન્ટ્રલ વોટર ઓથોરિટી (CWA)
   (D) સેન્ટ્રલ ગ્રાઉન્ડ વોટર ઓથોરિટી (CGWA) **(D)**

7. સેન્ટ્રલ ગ્રાઉન્ડ વોટર ઓથોરિટી (CGWA) દ્વારા જારી કરવામાં આવેલા આદેશ અનુસાર ભારતમાં ભૂજળમાંથી મેળવેલા પીવાના પાણીના બગાડ માટે કઈ સજા થઈ શકશે ?
   (A) રૂ. 1 લાખ દંડ અને 1 વર્ષની કેદ (B) રૂ. 1 લાખ દંડ અને 2 વર્ષની કેદ
   (C) રૂ. 1 લાખ દંડ અને 3 વર્ષની કેદ (D) રૂ. 1 લાખ દંડ અને 5 વર્ષની કેદ **(D)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

**8.** ‘પ્રોજેક્ટ લાયન’ અંતર્ગત સિંહોના સ્થળાંતર માટે ભારતના કયા ત્રણ રાજ્યના સંભવિત 6 સ્થળોનીપસંદગી કરવામાં આવી છે ?

(A) ગુજરાત, રાજસ્થાન, હરિયાણા (B) ગુજરાત, રાજસ્થાન, મહારાષ્ટ્ર

(C) ગુજરાત, રાજસ્થાન, મધ્યપ્રદેશ (D) ગુજરાત, રાજસ્થાન, પંજાબ **(B)**

**9.** ભારતમાં સિંહોના સ્થળાંતર માટે પસંદ કરાયેલા સંભવિત 6 સ્થળોમાં ગુજરાતના કયા સ્થળનો સમાવેશ થાય છે ?

(A) સાપુતારા (B) નળસરોવર

(C) જેસોર–બાલારામ (D) ઉપરોક્ત ત્રણેય **(C)**

**10.** ભારતમાં સિંહોના સ્થળાંતર માટે પસંદ કરાયેલા સંભવિત 6 સ્થળોમાં રાજસ્થાનના કયા સ્થળનો સમાવેશ થાય છે ?

(A) સીતામાતા અભયારણ્ય (B) મુકુન્દ્રા હિલ્સ નેશનલ પાર્ક

(C) કુંભલગઢ અભયારણ્ય (D) ઉપરોક્ત તમામ **(D)**

**11.** ભારતમાં સિંહોના સ્થળાંતર માટે પસંદ થયેલા સંભવિત 6 સ્થળોમાં કયા રાજ્યના માધવ નેશનલ પાર્ક તથા ગાંધી સાગર અભયારણ્યનો સમાવેશ થયો છે ?

(A) મહારાષ્ટ્ર (B) મધ્યપ્રદેશ (C) રાજસ્થાન (D) છત્તીસગઢ **(B)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS



14 OCTOBER, 2020 WEDNESDAY

## ➤ દિવસ મહિમા : 14 ઓક્ટોબર, (1) આંતરરાષ્ટ્રીય ઈ-વેસ્ટ દિવસ (International E-Waste Day)
(2) વિશ્વ માનક દિવસ અથવા વિશ્વ માપદંડ દિવસ (World Standards Day)

## ➤ French Open 2020 ટેનિસ ટુર્નામેન્ટ




તાજેતરમાં 27 સપ્ટેમ્બરથી 11 ઓક્ટોબર 2020 દરમિયાન ફ્રાન્સમાં પેરિસના સ્ટેડ રોલાન્ડ ગેરોસ સ્ટેડિયમ ખાતે ફ્રેન્ચ ઓપનની 124મી ટુર્નામેન્ટનું આયોજન થયું હતું.

- આ ટુર્નામેન્ટમાં સ્પેનના પ્રસિદ્ધ ટેનિસ ખેલાડી શ્રી રાફેલ નડાલે સર્બિયાના શ્રી નોવાક યોકોવિચને પરાજય આપીને મેન્સ સિંગલ્સ ટાઈટલ રેકોર્ડ 13મી વખત જીતી લીધું છે.
- આ સાથે જ શ્રી રાફેલ નડાલ સૌથી વધુ 13 ફ્રેન્ચ ઓપન ટાઈટલ જીતનાર વિશ્વના પ્રથમ ખેલાડી બની ગયા છે.
- આ ઉપરાંત શ્રી રાફેલ નડાલનું આ 20મું ગ્રાન્ડ સ્લેમ ટાઈટલ હતું.
- આ સાથે જ શ્રી રાફેલ નડાલ સૌથી વધુ 20 ગ્રાન્ડ સ્લેમ ટાઈટલ જીતનાર શ્રી રોજર ફેડરર બાદ વિશ્વના બીજા પુરુષ ખેલાડી બની ગયા છે.
- જ્યારે અમેરિકાના સુશ્રી સોફિયા કેનિનને પરાજય આપીને પોલેન્ડના સુશ્રી ઈગા સ્વિયાતેકે પ્રથમ વખત વિમેન્સ સિંગલ્સનું ટાઈટલ જીતી લીધું છે.
- આ સાથે જ સુશ્રી ઈગા સ્વિયાતેક ગ્રાન્ડ સ્લેમ સિંગલ્સ ટાઈટલ જીતનાર પોલેન્ડના પ્રથમ ખેલાડી બની ગયા છે.
- આ ઉપરાંત તેઓ ગ્રાન્ડ સ્લેમ સિંગલ્સ ટાઈટલ જીતનાર 21મી સદીમાં જન્મેલા પ્રથમ ટેનિસ ખેલાડી બની ગયા છે. તેમણે માત્ર 19 વર્ષની વયે આ ટાઈટલ જીત્યું છે.

**નોંધ :** શ્રી રાફેલ નડાલે ફ્રેન્ચ ઓપનમાં 100 મેચ જીતવાની પણ સિદ્ધિ હાંસલ કરી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ફ્રેન્ચ ઓપન 2020 વિજેતા

| ક્રમ | ટાઈટલ | વિજેતા | રનર્સ અપ |
|---|---|---|---|
| 1 | મેન્સ સિંગલ્સ | શ્રી રાફેલ નડાલ (સ્પેન) | શ્રી નોવાક યોકોવિચ (સર્બિયા) |
| 2 | વિમેન્સ સિંગલ્સ | સુશ્રી ઈગા સ્વિયાતેક (પોલેન્ડ) | સુશ્રી સોફિયા કેનિન (અમેરિકા) |
| 3 | મેન્સ ડબલ્સ | શ્રી કેવિન ક્રાઉઆત્ઝ (જર્મની) | શ્રી મેટ પેવિક (ક્રોએશિયા) |
| | | શ્રી એન્ડ્રીસ મીઝ (જર્મની) | શ્રી બ્રુનો સોરેસ (બ્રાઝિલ) |
| 4 | વિમેન્સ ડબલ્સ | સુશ્રી ટિમીયા બેબોસ (હંગેરી) | સુશ્રી એલેક્સા ગૌરાચી (ચીલી) |
| | | સુશ્રી ક્રિસ્ટિના માલ્દેનોવિક (ફ્રાન્સ) | સુશ્રી દેસીરા ક્રોસ્કી (અમેરિકા) |

## ગ્રાન્ડ સ્લેમ ટેનિસ ટુર્નામેન્ટ

ટેનિસની રમતની ચાર સૌથી મોટી ટુર્નામેન્ટમાં (1) **ઓસ્ટ્રેલિયન ઓપન** (2) **ફ્રેન્ચ ઓપન** (3) **વિમ્બલ્ડન** અને (4) **યુએસ ઓપન**નો સમાવેશ થાય છે.

- ટેનિસની રમતની આ **ચારેય** સૌથી મોટી ટુર્નામેન્ટ **ગ્રાન્ડ સ્લેમ ટેનિસ ટુર્નામેન્ટ** તરીકે ઓળખાય છે.
- ગ્રાન્ડ સ્લેમ ટેનિસ ટુર્નામેન્ટમાં ઉપરોક્ત **ચાર** ટુર્નામેન્ટનો સમાવેશ થાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### કઈ ગ્રાન્ડ સ્લેમ ટેનિસ ટુર્નામેન્ટ ક્યારે યોજાય છે ?

| ક્રમ | ટુર્નામેન્ટ | ક્યારે યોજાય છે ? | ક્યાં યોજાય છે ? | પ્રારંભ | કઈ કોર્ટ પર રમાય છે ? |
|---|---|---|---|---|---|
| 1 | ઓસ્ટ્રેલિયન ઓપન | જાન્યુઆરી | મેલબોર્ન | 1905 | હાર્ડકોર્ટ |
| 2 | ફ્રેન્ચ ઓપન | મે/જૂન | પેરિસ | 1891 | ક્લે કોર્ટ |
| 3 | વિમ્બલ્ડન ચેમ્પિયન શિપ | જૂન/જુલાઈ | લંડન | 1877 | ગ્રાસ કોર્ટ |
| 4 | યુએસ ઓપન | ઓગસ્ટ/સપ્ટેમ્બર | ન્યુયોર્ક | 1881 | હાર્ડ કોર્ટ |

- **ફ્રેન્ચ ઓપન ક્લે કોર્ટ** પર રમાય છે.
- **ઓસ્ટ્રેલિયન ઓપન** એ દર વર્ષે **વર્ષના પ્રારંભે** યોજાતી ગ્રાન્ડ સ્લેમ ટેનિસ ટુર્નામેન્ટ છે.
- **યુએસ ઓપન** એ દર વર્ષે **વર્ષના અંતે** યોજાતી ગ્રાન્ડ સ્લેમ ટેનિસ ટુર્નામેન્ટ છે.
- **વિમ્બલ્ડન** એ **સૌથી જૂની** ગ્રાન્ડ સ્લેમ ટેનિસ ટુર્નામેન્ટ છે.

**નોંધ :** (1) **ટેનિસનું** મેદાન **કોર્ટ** તરીકે ઓળખાય છે.

(2) ટેનિસ ઉપરાંત કબડ્ડી, વોલીબોલ, હેન્ડબોલ, બેડમિન્ટન, નેટબોલ, ખો–ખો વગેરેનું મેદાન પણ **કોર્ટ** તરીકે જ ઓળખાય છે.

## ➤ ભારત દ્વારા હાઈપરસોનિક મિસાઈલ શૌર્યનું સફળ પરીક્ષણ

ઓક્ટોબર 2020 દરમિયાન ભારત દ્વારા **શૌર્ય મિસાઈલ**ના એડવાન્સ વર્ઝનનું સફળ પરીક્ષણ કરવામાં આવ્યું છે.

- ભારતમાં **ઓડિશા**ના **બાલાસોર** ખાતે આવેલી **ઈન્ટીગ્રેટેડ ટેસ્ટ રેન્જ (ITR)** પરથી આ મિસાઈલનું પરીક્ષણ કરવામાં આવ્યું છે.

### શૌર્ય મિસાઈલની વિશેષતા

**શૌર્ય** એ ભારતની **Hypersonic Tactical Missile** છે.

- ભારતમાં **DRDO** દ્વારા તેનું નિર્માણ કરવામાં આવ્યું છે.
- તેની રેન્જ **700થી 1900 કિમી** સુધીની છે.
- તાજેતરમાં થયેલા પરીક્ષણ દરમિયાન આ મિસાઈલે **800 કિમી** દૂરના ટાર્ગેટને સફળતાપૂર્વક નષ્ટ કર્યું હતું.
- આ મિસાઈલ **'Surface-to-Surface'** એટલે કે **'જમીન પરથી જમીન પર'** પ્રહાર કરવાની ક્ષમતા ધરાવે છે.
- તે **200 Kg થી 1 ટન** સુધીના પરમાણુ શસ્ત્રો લઈ જવા માટે પણ સક્ષમ છે.
- આ હાઈપરસોનિક મિસાઈલની સ્પીડ **મેક 7.5** એટલે કે પ્રતિ કલાક આશરે **9188 કિમી**ની છે.
- અવાજની ગતિથી સાડા સાત ગણી વધુ સ્પીડને કારણે આ મિસાઈલને રડારમાં પકડવી ખૂબ જ મુશ્કેલ છે.
- આથી, દુશ્મન દેશોના મહત્ત્વના ટાર્ગેટને નષ્ટ કરવા માટે આ મિસાઈલ ખૂબ જ ઉપયોગી છે.

**નોંધ :** (1) ભારતમાં **'સાગરિકા'** નામની મિસાઈલ પરથી આ **'શૌર્ય'** મિસાઈલનું નિર્માણ કરવામાં આવ્યું છે.

(2) **'K-15'** નામથી ઓળખાતી **'સાગરિકા'** એ **સબમરીન** પરથી લોન્ચ થતી અન્ડર વોટર મિસાઈલ છે.

(3) જ્યારે સબમરીનને સ્થાને **જમીન પરથી** વાર કરવા માટે **'સાગરિકા'**ને આધારે આ **'શૌર્ય'** મિસાઈલનું નિર્માણ કરવામાં આવ્યું છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ICE Questions

1. 'આંતરરાષ્ટ્રીય ઈ–વેસ્ટ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 12 ઓક્ટોબર (B) 13 ઓક્ટોબર (C) 14 ઓક્ટોબર (D) 15 ઓક્ટોબર **(C)**

2. 'વિશ્વ માનક દિવસ' અથવા તો 'World Standards Day' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 12 ઓક્ટોબર (B) 13 ઓક્ટોબર (C) 14 ઓક્ટોબર (D) 15 ઓક્ટોબર **(C)**

3. ફ્રેન્ચ ઓપન 2020માં મેન્સ સિંગલ્સ ટાઈટલ વિજેતા ટેનિસ ખેલાડીનું નામ શું છે ?
(A) શ્રી રોજર ફેડરર (B) શ્રી નોવાક યોકોવિચ
(C) શ્રી ડોમિનિક થિએમ (D) શ્રી રાફેલ નડાલ **(D)**

4. ફ્રેન્ચ ઓપન ટેનિસ ટુર્નામેન્ટમાં સૌથી વધુ 13 વખત સિંગલ્સ ટાઈટલ વિજેતા શ્રી રાફેલ નડાલના દેશનું નામ શું છે ?
(A) સ્પેન (B) અમેરિકા (C) સર્બિયા (D) ઓસ્ટ્રિયા **(A)**

5. ફ્રેન્ચ ઓપન 2020માં વિમેન્સ સિંગલ્સ ટાઈટલ વિજેતા મહિલા ખેલાડી કોણ છે ?
(A) સુશ્રી એશ્લે બાર્ટી (B) સુશ્રી ઈગા સ્વિયાતેક
(C) સુશ્રી સ્લોઅન સ્ટીફન્સ (D) સુશ્રી સોફિયા કેનિન **(B)**

6. ફ્રેન્ચ ઓપન 2020માં વિમેન્સ સિંગલ્સ ટાઈટલ વિજેતા સુશ્રી ઈગા સ્વિયાતેક આ ટાઈટલ જીતનાર કયા દેશના પ્રથમ ખેલાડી બની ગયા છે ?
(A) ચીલી (B) સર્બિયા (C) ક્રોએશિયા (D) પોલેન્ડ **(D)**

7. ફ્રેન્ચ ઓપન ટેનિસ ટુર્નામેન્ટ કઈ કોર્ટ પર રમાય છે ?
(A) હાર્ડ કોર્ટ (B) ગ્રાસ કોર્ટ (C) ક્લે કોર્ટ (D) A અને B બન્ને **(C)**

8. ઓક્ટોબર 2020 દરમિયાન ભારતે શૌર્ય મિસાઈલનું સફળ પરીક્ષણ કર્યું છે... શૌર્ય કયા પ્રકારની મિસાઈલ છે ?
(A) સબસોનિક (B) સુપરસોનિક
(C) હાઈપરસોનિક (D) ત્રણમાંથી કોઈ નહિ **(C)**

9. ભારતે શૌર્ય મિસાઈલનું ક્યાંથી સફળ પરીક્ષણ કર્યું છે ?
(A) બાલાસોર, ઓડિશા (B) શ્રી હરિકોટા, આંધ્રપ્રદેશ
(C) ચેન્નાઈ, તમિલનાડુ (D) વિશાખાપટ્ટનમ, આંધ્રપ્રદેશ **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**10.** ભારતની શૌર્ય મિસાઈલ કયા પ્રકારની પ્રહાર ક્ષમતા ધરાવે છે ?

(A) જમીનથી હવા (B) હવાથી જમીન

(C) જમીનથી જમીન (D) જમીનથી પાણી **(C)**

**11.** ભારતમાં કઈ મિસાઈલને આધારે શૌર્ય મિસાઈલનું નિર્માણ કરવામાં આવ્યું છે ?

(A) નાગ (B) ત્રિશુલ (C) સાગરિકા (D) નિહારિકા **(C)**



**15 OCTOBER, 2020 THURSDAY**

➤ **દિવસ મહિમા : 15 ઓક્ટોબર**

(1) વિશ્વ વિદ્યાર્થી દિવસ (World Students' Day)
(2) આંતરરાષ્ટ્રીય ગ્રામીણ મહિલા દિવસ (International Day of Rural Women)
(3) Global Handwashing Day

## વિશ્વ વિદ્યાર્થી દિવસ




ભારતમાં ડો. એ.પી.જે. અબ્દુલ કલામનો જન્મદિવસ 15 ઓક્ટોબર 'વિશ્વ વિદ્યાર્થી દિવસ' તરીકે ઉજવાય છે.

- એવું કહેવાય છે કે સંયુક્ત રાષ્ટ્ર દ્વારા વર્ષ 2010માં આ દિવસની ઉજવણીની જાહેરાત કરવામાં આવી હતી.
- પરંતુ વાસ્તવમાં યુનાઈટેડ નેશન્સ દ્વારા 'World Students' Day' નામના કોઈ દિવસની ઉજવણી કરવામાં આવતી જ નથી.
- યુનાઈટેડ નેશન્સ દ્વારા 15 ઓક્ટોબરના રોજ ફક્ત 'International Day of Rural Women'ની જ ઉજવણી કરવામાં આવે છે, 'World Students' Day'ની નહિ.
- યુનાઈટેડ નેશન્સની વેબસાઈટ un.org/en/sections/observances/international-days/index.html પરથી આ માહિતી મળી શકે છે.
- આ ઉપરાંત વિશ્વના અન્ય કોઈ દેશોમાં પણ 15 ઓક્ટોબરના રોજ 'વિશ્વ વિદ્યાર્થી દિવસ'ની ઉજવણી થતી હોય તેવી કોઈ જ માહિતી ઉપલબ્ધ થતી નથી.
- આથી, 15 ઓક્ટોબરના રોજ ફક્ત ભારતમાં જ 'વિશ્વ વિદ્યાર્થી દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

**નોંધ :** ડો. એ.પી.જે. અબ્દુલ કલામનો જન્મ 15 ઓક્ટોબર 1931ના રોજ તમિલનાડુના રામેશ્વરમ ખાતે થયો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ મિસાઈલો છોડી શકે તેવા સ્વદેશી ડ્રોન રૂસ્તમ-2નું ભારત દ્વારા સફળ પરીક્ષણ

ભારત દ્વારા તાજેતરમાં સ્વદેશી ડ્રોન રૂસ્તમ-2 (Rustom-2)નું સફળ પરીક્ષણ કરવામાં આવ્યું છે.

- પરીક્ષણ દરમિયાન આ ડ્રોને 16,000 ફૂટની ઊંચાઈએ 8 કલાક સુધી ઉડાન ભરીને ક્ષમતા સાબિત કરી હતી.
- ભારતમાં કર્ણાટકના ચિત્રદુર્ગ જિલ્લામાં આવેલી ચાલકેરે એરોનોટિકલ ટેસ્ટ રેન્જ પરથી આ ડ્રોનનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું.

### રૂસ્તમ-2ની વિશેષતા

રૂસ્તમ-2 એ ભારતનું Medium-altitude Long-endurance Unmanned Areial Vehicle (UAV) છે.

- રૂસ્તમ-2ને 'તાપસ-BH-201' તરીકે પણ ઓળખવામાં આવે છે.
- તે હાલ 23,000 ફૂટની ઊંચાઈએ સતત 24 કલાક સુધી ઉડાન ભરવાની ક્ષમતા ધરાવે છે.
- ભારતમાં DRDO દ્વારા તેનું નિર્માણ કરવામાં આવ્યું છે.
- દુશ્મન દેશની ગતિવિધિઓ પર નજર રાખવા માટે આ ડ્રોન ખૂબ જ અગત્યનું છે.
- આ ઉપરાંત વિવિધ પ્રકારનો વજન વહન કરવા માટે તેમજ મિસાઈલ લોન્ચ કરવા માટે પણ તે ઉપયોગી છે.

**નોંધ :** (1) ભારત હાલ ઈઝરાયેલની બનાવટના હેરોન નામના ડ્રોન્સનો ઉપયોગ કરી રહયું છે.
(2) તેમાં 'રૂસ્તમ'નો ઉમેરો થતાં ભારતની સૈન્ય શકિતમાં વધારો થશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



## ➢ ભારતીય અર્થતંત્રમાં માંગને પ્રોત્સાહન આપવા માટે રૂ. 73,000 કરોડના આર્થિક પેકેજની જાહેરાત

કોરોના મહામારીને કારણે ભારતીય અર્થતંત્રને થયેલા નુકસાનમાં પ્રોત્સાહન આપવા અને ગ્રાહક માંગમાં વધારો કરવા માટે કેન્દ્ર સરકારના નાણામંત્રી સુશ્રી નિર્મલા સિતારામને રૂ. 73,000 કરોડના આર્થિક પેકેજની જાહેરાત કરી છે.

- આ પેકેજ અંતર્ગત કરવામાં આવેલી જાહેરાતોના મુખ્ય બે ઉદ્દેશ છે :
  (1) ખર્ચ ક્ષમતામાં વધારો કરવો અને
  (2) ભારતના GDPમાં વધારો કરવો
- આ પેકેજ અંતર્ગત કરવામાં આવેલી વિવિધ જાહેરાતો આ પ્રમાણે છે :

### LTC કેશ વાઉચર યોજના

ભારતમાં દર ચાર વર્ષે એક વખત સરકાર પોતાના કર્મચારીઓને તેમના મનગમતા સ્થળની યાત્રા માટે LTC (Leave Travel Concession) આપે છે.

- આ ઉપરાંત તેમને ચાર વર્ષમાં એક વખત તેમના પોતાના રાજ્યમાં પ્રવાસ માટે પણ LTC (Leave Travel Concession) આપવામાં આવે છે.
- COVID-19 મહામારીને કારણે તાજેતરમાં કર્મચારીઓ પ્રવાસ કરી શકે તેમ નથી.
- આથી, આ સ્થિતિમાં સરકારે તેમને 'LTC કેશ વાઉચર' આપવાનો નિર્ણય કર્યો છે.
- આ કેશ વાઉચરનો તેમણે 31 માર્ચ, 2021 સુધીમાં ઉપયોગ કરવાનો રહેશે.
- આ માટે કેન્દ્ર સરકાર રૂ. 5,675 કરોડનો ખર્ચ કરશે.
- અને કેન્દ્ર સરકારના જાહેર એકમો તથા બેન્કો પણ આ માટે રૂ. 1900 કરોડનો ખર્ચ કરશે.
- આ ઉપરાંત રાજ્ય સરકારના કર્મચારીઓ તથા પ્રાઈવેટ સેકટરના કર્મચારીઓને ટેકસમાં છૂટ પણ આપવામાં આવશે.
- જેનાથી માંગમાં રૂ. 19,000 કરોડનો વધારો થશે.
- કેન્દ્ર સરકારની આ જાહેરાતને પગલે ભારતના ફકત અડધા રાજ્યો પણ જો આ પ્રકારની જાહેરાત કરે તો રૂ. 9000 કરોડની બીજી વધારાની માંગ પેદા થાય તેમ છે.
- આથી, સરકારની આ LTC કેશ વાઉચર યોજનાથી ભારતમાં કુલ રૂ. 28,000 કરોડની માંગ સર્જાવાની સંભાવના છે.

**નોંધ :** વર્ષ 2018થી 2021 સુધીના 4 વર્ષના ગાળામાં જે કર્મચારીઓએ LTCનો લાભ લીધો ન હોય તેમને આ યોજનાનો લાભ મળશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## સ્પેશિયલ ફેસ્ટિવલ એડવાન્સ યોજના

આ યોજના અંતર્ગત કેન્દ્ર સરકાર સરકારી કર્મચારીઓને રૂ. 10,000ની રકમ વિના વ્યાજે ફેસ્ટિવલ એડવાન્સ તરીકે આપશે.

- આ રકમ તેમણે વધુમાં વધુ 10 હપ્તામાં ચૂકવવાની રહેશે.
- આ Special Festival Advance Scheme (SFAS) અંતર્ગત કેન્દ્ર સરકાર રૂ. 4000 કરોડ ખર્ચ કરશે.
- તેમાં જો દરેક રાજ્ય સરકાર પણ આ યોજના લાગુ કરશે તો બીજા વધુ રૂ. 8000 કરોડનો તેમાં ખર્ચ થશે.

નોંધ : (1) આ યોજના અંતર્ગત કેન્દ્ર સરકારના દરેક કર્મચારી વિના વ્યાજે 10,000 રૂપિયા પ્રિપેડ RuPay Card દ્વારા મેળવી શકશે.

(2) જે તેમણે 31 માર્ચ 2021 સુધીમાં ખર્ચ કરવાના રહેશે.

## રાજ્યોને વિશેષ સહાય

મૂડી ખર્ચ (Capital Expenditure) અંતર્ગત કેન્દ્ર સરકારે રાજ્યો માટે વિશેષ સહાય (Special Assistance to the State)ની જાહેરાત કરી છે.

- આ અંતર્ગત કેન્દ્ર સરકાર રાજ્યોને રૂ. 12,000 કરોડના મૂડી ખર્ચ માટે 50 વર્ષ માટે વિના વ્યાજે લોન આપશે.
- આ યોજના 3 ભાગમાં લાગુ કરવામાં આવશે.
- જેમાં ભાગ 1 માં –

(1) પૂર્વોત્તર ભારતના 8 રાજ્યોને 200-200 કરોડ લેખે કુલ 1600 કરોડ રૂપિયા આપવામાં આવશે.

(2) ઉત્તરાખંડ અને હિમાચલ પ્રદેશને 450-450 કરોડ લેખે કુલ 900 કરોડ રૂપિયા આપવામાં આવશે.

- આ યોજનાના ભાગ 2માં –

(1) 15મા નાણાં પંચના હસ્તાંતરણ અનુસાર બાકીના રાજ્યોને રૂ. 7,500 કરોડ આપવામાં આવશે.

- જ્યારે આ યોજનાના ત્રીજા ભાગમાં –

(1) આત્મનિર્ભર ભારત પેકેજ અંતર્ગતના 4માંથી ઓછામાં ઓછા 3 સુધારા લાગુ કરનાર રાજ્યોને રૂ. 2000 કરોડ આપવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**નોંધ :** ભાગ 1 અને ભાગ 2 અંતર્ગત મળનાર રકમ રાજ્યોએ 31 માર્ચ 2021 સુધીમાં ખર્ચ કરવાની રહેશે.

## બજેટની રકમમાં વધારો

કેન્દ્ર સરકારે નાણાકીય વર્ષ 2020-21ના બજેટમાં કુલ રૂ. 4.13 લાખ કરોડ ખર્ચ કરવાની જોગવાઈ કરી હતી.

- આ ખર્ચ ઉપરાંત કેન્દ્ર સરકાર બજેટની રકમમાં બીજા વધારાના રૂ. 25,000 કરોડનો ખર્ચ કરશે.
- વધારાના આ રૂ. 25,000 કરોડ માર્ગ, સંરક્ષણ, પાણી પુરવઠો, શહેરી વિકાસ વગેરે જેવા ક્ષેત્રો માટે ખર્ચવામાં આવશે.

**નોંધ :** (1) સરકારના ઉપરોક્ત તમામ નિર્ણયથી 31 માર્ચ 2021 સુધીમાં ભારતમાં કુલ 73,000 કરોડ રૂપિયાની નવી માંગ સર્જાશે.

(2) જેનાથી કોરોના મહામારીને કારણે ભારતમાં સુસ્ત પડેલી ઘરેલુ માંગમાં વધારો થશે. અને ધંધા રોજગારને પ્રોત્સાહન મળશે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS




## ICE Questions

1. ભારતમાં 'વિશ્વ વિદ્યાર્થી દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
   (A) 13 ઓક્ટોબર (B) 14 ઓક્ટોબર (C) 15 ઓક્ટોબર (D) 16 ઓક્ટોબર **(C)**

2. ભારતમાં કોનો જન્મદિન 15 ઓક્ટોબર 'વિશ્વ વિદ્યાર્થી દિવસ' તરીકે ઉજવાય છે ?
   (A) ડૉ. રાજેન્દ્ર પ્રસાદ (B) ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ
   (C) શ્રી લાલ બહાદુર શાસ્ત્રી (D) શ્રી રવીન્દ્રનાથ ટાગોર **(B)**

3. યુનાઈટેડ નેશન્સ દ્વારા 'આંતરરાષ્ટ્રીય ગ્રામીણ મહિલા દિવસ' અથવા તો 'International Day of Rural Women' તરીકે કયો દિવસ ઉજવવામાં આવે છે ?
   (A) 13 ઓક્ટોબર (B) 14 ઓક્ટોબર (C) 15 ઓક્ટોબર (D) 16 ઓક્ટોબર **(C)**

4. 'ગ્લોબલ હેન્ડવોશિંગ ડે' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
   (A) 13 ઓક્ટોબર (B) 14 ઓક્ટોબર (C) 15 ઓક્ટોબર (D) 16 ઓક્ટોબર **(C)**

5. ઓક્ટોબર 2020 દરમિયાન ભારતે કયા સ્વદેશી ડ્રોનનું સફળ પરીક્ષણ કર્યું છે ?
   (A) રૂસ્તમ-1 (B) રૂસ્તમ-2 (C) રૂસ્તમ-3 (D) રૂસ્તમ-4 **(B)**

6. ભારતમાં સ્વદેશી ડ્રોન રૂસ્તમ-2નું ક્યાંથી સફળ પરીક્ષણ કરવામાં આવ્યું છે ?
   (A) ચાલકેરે એરોનોટિકલ ટેસ્ટ રેન્જ, ચિત્રદુર્ગ, ઓડિશા
   (B) ચાલકેરે એરોનોટિકલ ટેસ્ટ રેન્જ, ચિત્રદુર્ગ, કર્ણાટક
   (C) ચાલકેરે એરોનોટિકલ ટેસ્ટ રેન્જ, ચિત્રદુર્ગ, તમિલનાડુ
   (D) ચાલકેરે એરોનોટિકલ ટેસ્ટ રેન્જ, ચિત્રદુર્ગ, આંધ્રપ્રદેશ **(B)**

7. ભારતે તાજેતરમાં 'રૂસ્તમ-2'નું સફળ પરીક્ષણ કર્યું છે...આ 'રૂસ્તમ-2' શું છે ?
   (A) મિસાઈલ (B) અનમેન્ડ એરિયલ વ્હિકલ (UAV)
   (C) યુદ્ધજહાજ (D) સેટેલાઈટ **(B)**

8. ભારતીય અર્થતંત્રમાં માંગને પ્રોત્સાહન આપવા માટે કેન્દ્ર સરકારે ઓક્ટોબર 2020 દરમિયાન ભારતમાં કેટલા રૂપિયાના આર્થિક પેકેજની જાહેરાત કરી છે ?
   (A) 53,000 કરોડ (B) 63,000 કરોડ
   (C) 73,000 કરોડ (D) 83,000 કરોડ **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

9. કોરોના મહામારીની સ્થિતિમાં ભારતમાં માંગમાં વધારો કરવા ઓક્ટોબર 2020 દરમિયાન કેન્દ્ર સરકારે કઈ યોજનાની જાહેરાત કરી છે ?
   1. LTC કેશ વાઉચર યોજના
   2. સ્પેશિયલ ફેસ્ટિવલ એડવાન્સ યોજના

Ans.(A) 1 અને 2 (B) ફક્ત 1
(C) ફક્ત 2 (D) બેમાંથી એકપણ નહિ **(A)**

10. કેન્દ્ર સરકારે જાહેર કરેલી 'LTC કેશ વાઉચર યોજના'ના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયાં વિધાનો સાચાં છે ?
   1. આ યોજના અંતર્ગત સરકારી કર્મચારીઓને રૂ. 10,000નું કેશ વાઉચર મળશે.
   2. કર્મચારીઓએ LTC કેશ વાઉચરનો 31 માર્ચ 2021 સુધીમાં ઉપયોગ કરવાનો રહેશે.
   3. LTC કેશ વાઉચર માટે કેન્દ્ર સરકાર રૂ. 5675 કરોડ ખર્ચશે.

Ans.(A) 1, 2, 3 (B) 1, 2 (C) 2, 3 (D) 1, 3 **(C)**

11. ભારતમાં કેન્દ્ર સરકારે તાજેતરમાં 'LTC કેશ વાઉચર યોજના'ની જાહેરાત કરી છે... આ યોજનામાં LTCનું પૂરું નામ શું છે ?
(A) Leave Travel Concession (B) Leave Travel Credit
(C) Leave Travel Costume (D) Leave Travel Capital **(A)**

12. કેન્દ્ર સરકારે જાહેર કરેલી 'સ્પેશિયલ ફેસ્ટિવલ એડવાન્સ યોજના' અંતર્ગત કેન્દ્ર સરકારના કર્મચારીઓને વિના વ્યાજે કેટલા રૂપિયા ફેસ્ટિવલ એડવાન્સ તરીકે મળશે ?
(A) 5,000 (B) 10,000 (C) 20,000 (D) 25,000 **(B)**

13. 'સ્પેશિયલ ફેસ્ટિવલ એડવાન્સ સ્કીમ' અંતર્ગત ભારતમાં કેન્દ્ર સરકાર કેટલા રૂપિયાનો ખર્ચ કરશે ?
(A) 4,000 કરોડ (B) 5,000 કરોડ (C) 8,000 કરોડ (D) 12,000 કરોડ **(A)**

14. મૂડી ખર્ચ (Capital Expenditure) માટે રાજ્યો માટે વિશેષ સહાય અંતર્ગત કેન્દ્ર સરકાર રાજ્યોને રૂ. 12,000 કરોડના મૂડી ખર્ચ માટે કેટલા વર્ષ માટે વિના વ્યાજે લોન આપશે ?
(A) 20 વર્ષ (B) 25 વર્ષ (C) 50 વર્ષ (D) 60 વર્ષ **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**15.** ઓક્ટોબર 2020 દરમિયાન ભારતમાં કેન્દ્ર સરકારે વર્ષ 2020 અથવા તો નાણાકીય વર્ષ 2020-21 દરમિયાન બજેટ ખર્ચ ઉપરાંત વધારાના કેટલા રૂપિયા ખર્ચ કરવાની જાહેરાત કરી છે ?

(A) 25,000 કરોડ (B) 28,000 કરોડ

(C) 50,000 કરોડ (D) 73,000 કરોડ **(A)**

**16.** ઓક્ટોબર 2020 દરમિયાન ભારતમાં કેન્દ્ર સરકારે જાહેર કરેલા વિશેષ આર્થિક પેકેજને કારણે ભારતમાં ક્યાં સુધીમાં રૂ. 73,000 કરોડની નવી માંગ સર્જાશે ?

(A) 31 ડિસેમ્બર, 2020 (B) 31 જાન્યુઆરી, 2021

(C) 31 માર્ચ, 2021 (D) 31 ડિસેમ્બર, 2021 **(C)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS




16 OCTOBER, 2020 FRIDAY

## ➢ દિવસ મહિમા : 16 ઓક્ટોબર,
(1) વિશ્વ ખાદ્ય દિન (World Food Day)
(2) વિશ્વ એનેસ્થેસિયા દિવસ (World Anaesthesia Day)

### વિશ્વ ખાદ્ય દિવસ

સમગ્ર વિશ્વમાં ખાદ્ય સુરક્ષા તથા ખાદ્યની પહોંચ સુનિશ્ચિત કરવા માટે દર વર્ષે 16 ઓક્ટોબરના રોજ 'વિશ્વ ખાદ્ય દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- 16 ઓક્ટોબર, 1945ના રોજ યુનાઈટેડ નેશન્સની Food and Agriculture Organization નામની સંસ્થાની સ્થાપના થઈ હતી.
- આથી, આ દિવસની યાદમાં 16 ઓક્ટોબરના રોજ 'વિશ્વ ખાદ્ય દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.
- વર્ષ 2020ની 'વિશ્વ ખાદ્ય દિવસ'ની થીમ 'Grow, Nourish, Sustain. Together . Our Actions are our Future' છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➢ ગુજરાતના દેવભૂમિ દ્વારકા જિલ્લાના શિવરાજપુર બીચને 'Blue Flag Beach'નું આંતરરાષ્ટ્રીય સન્માન

પર્યાવરણ ક્ષેત્રે કાર્ય કરતી વિશ્વની પ્રસિદ્ધ સંસ્થા Foundation for Environmental Education (FEE) દ્વારા ભારતના 8 સમુદ્ર કાંઠા (બીચ)ને 'Blue Flag Beach'નું સર્ટિફિકેટ આપવામાં આવ્યું છે.



- આ સન્માન મેળવનાર ભારતના 8 બીચમાં ગુજરાતના દ્વારકા પાસે આવેલા શિવરાજપુર બીચનો પણ સમાવેશ થયો છે.

| ભારતના 'બ્લુ ફ્લેગ' બીચ | | |
|---|---|---|
| ક્રમ | બીચ | રાજ્ય/કેન્દ્ર શાસિત પ્રદેશ |
| 1 | શિવરાજપુર | ગુજરાત |
| 2 | ઘોઘલા | દીવ |
| 3 | રાધાનગર | આંદામાન |
| 4 | કપ્પડ | કેરળ |
| 5 | કાસાકરોડ | કર્ણાટક |
| 6 | પાડુબિદરી | કર્ણાટક |
| 7 | ઋષિકોન્ડા | આંધ્રપ્રદેશ |
| 8 | ગોલ્ડન | ઓડિશા |

**નોંધ :** (1) FEE દ્વારા પર્યાવરણની જાળવણી, બીચની સ્વચ્છતા, પ્રવાસીઓ માટે સુવિધા, પ્રવાસીઓની સલામતી, સમુદ્રી પ્રદૂષણ વગેરે જેવા 33 જેટલા માપદંડોને આધારે આ સર્ટિફિકેટ આપવામાં આવે છે.

(2) આથી, આવું સર્ટિફિકેટ ધરાવતા બીચ વિદેશી પ્રવાસીઓને સરળતાથી આકર્ષી શકે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ➤ ગુજરાતી ભાષાના અવિસ્મરણીય ગાયિકા સુશ્રી કૌમુદી મુનશીનું નિધન



ગુજરાતી ભાષાના અવિસ્મરણીય ગાયિકા સુશ્રી કૌમુદી મુનશીનું 13 ઓક્ટોબર 2020ના રોજ મુંબઈ ખાતે 91 વર્ષની વયે કોરોનાથી નિધન થયું છે.

- તેમનો જન્મ 1929માં બનારસ અથવા તો કાશી તરીકે ઓળખાતા ઉત્તરપ્રદેશના વારાણસીમાં થયો હતો.
- જોકે, તેમનું મૂળ વતન ગુજરાતનું વડનગર હતું. પરંતુ તેમનો પરિવાર વારાણસીમાં સ્થાયી થયો હતો.
- તેમના પિતાનું નામ શ્રી કુંવર નંદલાલ મુનશી અને માતાનું નામ સુશ્રી અનુબહેન મુનશી હતું.
- ગુજરાતના પ્રસિદ્ધ સાહિત્યકાર શ્રી રમણલાલ દેસાઈ તેમના મામા હતા.
- તેમણે પ્રસિદ્ધ સંગીતકાર અને ગીતકાર શ્રી નીનુ મજુમદાર સાથે પ્રેમલગ્ન કર્યા હતા.

## સંગીત સાધના

સુશ્રી કૌમુદી મુનશીએ 'ઠુમરીની રાણી' તરીકે પ્રસિદ્ધ સુશ્રી સિદ્ધેશ્વરી દેવી પાસેથી ઠુમરીની તાલીમ લીધી હતી.

- જ્યારે તેમણે ગઝલ ગાયકીની તાલીમ ઉસ્તાદ તાજ અહમદ ખાં પાસેથી લીધી હતી.
- આ ઉપરાંત તેમણે પંડિત મનોહર બર્વે પાસેથી પણ સંગીતની તાલીમ લીધી હતી.

## કારકિર્દી

સુશ્રી કૌમુદી મુનશીની સુગમ સંગીત ક્ષેત્રે કારકિર્દીનો પ્રારંભ શ્રી અવિનાશ વ્યાસના –

(1) **અલી ઓ બજાર વચ્ચે બજાણિયો અને**

(2) **નવી તે વહુના હાથમાં રૂમાલ**

ગીતો દ્વારા થયો હતો.

- તેઓ શુદ્ધ શાસ્ત્રીય સંગીત, ઉપ શાસ્ત્રીય સંગીત, સુગમ સંગીત, ભોજપુરી લોકગીતો, ઠુમરી, ગઝલ, ચૈતી, હોરી, દાદ્ર, કજરી વગેરે જેવા સંગીતના વિવિધ પ્રકારોમાં નિપૂણ હતા.

## ગુજરાતી ગીતો

ગુજરાતી ભાષામાં તેમની ગીત કૌમુદી, તારો વિયોગ, સ્મરણાંજલિકા વગેરે જેવી કેસેટ અને સિડી ખૂબ જ લોકપ્રિય થઈ હતી.

- ગુજરાતી ભાષામાં તેમણે અનેક પ્રસિદ્ધ ગીતો તથા ફિલ્મી ગીતો ગાયા હતા. જેમ કે,

(1) આ રંગભીના ભમરાને કહોને કેમ કરી ઉડાડું ?
ફૂલ–ફટાયો પજવે મુજને, ના પાડું ? હા પાડું !

(2) કાજળ કોર્યું તે કોને કહીએ રે ઓધવ ! છેલછબીલડે ?
વેરી હોય તો વઢતાં રે ફાવીએ, પણ પ્રાણથી પ્યારો એને લહીએ રે !

(3) નહિ મેલું રે નંદજીના લાલ

(4) વાંકાબોલી આ તારી વરણાગી વાંસળી લાગે છે એવી અળખામણી

(5) જીવન મળ્યું, જીવનની પછી વેદના મળી

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

(6) ચોર્યાસી ભાતનો સાથિયો રે માંડયો
કે લાલ રંગ ખૂટયો સાહેલડી જી રે

(7) ગઝલ તારો વિયોગ આંખોમાં ડંખો ભરી દેશે

## એવોર્ડ

તેમને 2011માં 'હૃદયસ્થ અવિનાશ વ્યાસ પારિતોષિક' એનાયત થયો હતો.

નોંધ : (1) સુશ્રી કૌમુદી મુનશીનું ઉપનામ 'ગુજરાતની કોકિલા' હતું. સંગીત રસિકોમાં તેઓ 'The Nightingale of Gujarat' એટલે કે 'ગુજરાતની કોકિલા' તરીકે પ્રસિદ્ધ હતા.

(2) આ ઉપરાંત તેમને 'સ્વરગુર્જરી' તથા 'ગુજરાતની સ્વર કોકિલા' તરીકે પણ ઓળખવામાં આવે છે.

(2) સુશ્રી કૌમુદી મનુશીના નિધન પ્રસંગે શ્રદ્ધાંજલિ અર્પતા ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તેમને 'ગુજરાતી સુગમ સંગીતના શિરમોર ગાયિકા'નું ઉપનામ આપ્યું હતું.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ ભારતના પ્રથમ ઓસ્કાર એવોર્ડ વિજેતા સુશ્રી ભાનુ અથૈયાનું નિધન



ભારતના પ્રસિદ્ધ મહિલા કોસ્ચ્યુમ ડિઝાઈનર સુશ્રી ભાનુ અથૈયાનું 15 ઓક્ટોબર 2020ના રોજ મુંબઈ ખાતે 91 વર્ષની વયે નિધન થયું છે.

- તેમનો જન્મ 28 એપ્રિલ 1929ના રોજ મહારાષ્ટ્રના કોલ્હાપુરમાં થયો હતો.
- તેમનું પૂરું નામ સુશ્રી ભાનુમતી અન્નાસાહેબ રાજોપાધ્યે હતું.

## કારકિર્દી

સુશ્રી ભાનુ અથૈયાએ ભારતની 100થી વધુ ફિલ્મોમાં કોસ્ચ્યુમ ડિઝાઈનર તરીકે કાર્ય કર્યું હતું.

- કોસ્ચ્યુમ ડિઝાઈનર તરીકેની તેમની ફિલ્મ કારકિર્દીનો પ્રારંભ 1956માં પ્રસિદ્ધ થયેલી શ્રી ગુરૂદત્તની 'C.I.D.' ફિલ્મથી થયો હતો.
- તેમણે પ્યાસા, કાગઝ કે ફૂલ, પથ્થર કે સનમ, મેરા નામ જોકર, આપ આયે બહાર આયી, મેરે જીવન સાથી, પ્રેમ કહાની, હેરા ફેરી, સુહાગ, પ્રેમરોગ, ગાંધી, લગાન : વન્સ અપોન અ ટાઈમ ઈન ઈન્ડિયા, સ્વદેશ, નાગરિક વગેરે જેવી ફિલ્મોમાં કામ કર્યું હતું.

## એવોર્ડ

સુશ્રી ભાનુ અથૈયા **ઓસ્કાર એવોર્ડ** વિજેતા ભારતના **પ્રથમ વ્યકિત** છે.

- 1982માં પ્રસિદ્ધ થયેલી **શ્રી રિચાર્ડ એટનબરો**ની **'ગાંધી'** ફિલ્મમાં વસ્ત્ર–પરિધાન સુશ્રી ભાનુ અથૈયાએ ડિઝાઈન કર્યા હતા.
- આથી, **સુશ્રી ભાનુ અથૈયા**ને **1983**માં **'ગાંધી'** ફિલ્મ માટે **Best Costume Design**નો **ઓસ્કાર એવોર્ડ** અથવા તો **એકેડેમી એવોર્ડ** એનાયત થયો હતો.
- 'ગાંધી' ફિલ્મ માટે સુશ્રી ભાનુ અથૈયા ઉપરાંત સાથી બ્રિટિશ ડિઝાઈનર **શ્રી જહોન મોલો**એ પણ કોસ્ચ્યુમ ડિઝાઈનીંગ કર્યું હતું.
- આથી, **1983**માં **સુશ્રી ભાનુ અથૈયા**ને **શ્રી જહોન મોલો** સાથે સંયુકત રીતે **ઓસ્કાર એવોર્ડ** એનાયત થયો હતો.
- સુશ્રી ભાનુ અથૈયાને એનાયત થયેલા મુખ્ય એવોર્ડમાં નીચેના એવોર્ડનો સમાવેશ થાય છે :

| ક્રમ | એવોર્ડ | ફિલ્મ | વર્ષ |
|---|---|---|---|
| 1 | Academy Award for Best Costume Design | Gandhi | 1983 |
| 2 | National Film Award for Best Costume Design | Lekin.. | 1991 |
| 3 | National Film Award for Best Costume Design | Lagaan | 2002 |
| 4 | Filmfare Lifetime Achievement Award | - | 2009 |
| 5 | Laadli Lifetime Achievement Award | - | 2013 |

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

**નોંધ :** (1) સુશ્રી ભાનુ અથૈયાએ માર્ચ 2010માં **'The Art of Costume Design'** નામની એક બુક પણ પબ્લિશ કરી હતી.

(2) 'પોતાના નિધન બાદ પોતાનો પરિવાર આ ટ્રોફીની સંભાળ રાખી શકશે નહિ' એવું વિચારીને વર્ષ **2012**માં સુશ્રી ભાનુ અથૈયાએ પોતાને એનાયત થયેલો **ઓસ્કાર એવોર્ડ** **'The Academy of Motion Picture Arts and Sciences'**ને પરત કરી દીધો હતો !!!

ICE Questions

1. 'વિશ્વ ખાદ્ય દિવસ' અથવા તો 'World Food Day' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 15 ઓક્ટોબર (B) 16 ઓક્ટોબર (C) 17 ઓક્ટોબર (D) 18 ઓક્ટોબર **(B)**

2. 'વિશ્વ એનેસ્થેસિયા દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 15 ઓક્ટોબર (B) 16 ઓક્ટોબર (C) 17 ઓક્ટોબર (D) 18 ઓક્ટોબર **(B)**

3. ફાઉન્ડેશન ફોર એનવાયર્નમેન્ટલ એજ્યુકેશન (FEE) દ્વારા ભારતના કેટલા બીચને 'બ્લુ ફ્લેગ' સર્ટિફિકેટ આપવામાં આવ્યું છે ?
(A) 6 (B) 8 (C) 10 (D) 12 **(B)**

4. ફાઉન્ડેશન ફોર એનવાયર્નમેન્ટલ એજ્યુકેશન (FEE) દ્વારા ગુજરાતના કયા બીચને 'બ્લુ ફ્લેગ' સર્ટિફિકેટ આપવામાં આવ્યું છે ?
(A) માંડવી (B) ડુમસ (C) શિવરાજપુર (D) ચોરવાડ **(C)**

5. ગુજરાતના કયા પ્રસિદ્ધ ગાયિકાના નિધન પ્રસંગે શ્રદ્ધાંજલિ આપતા ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તેમને 'ગુજરાતી સુગમ સંગીતના શિરમોર ગાયિકા'નું ઉપનામ આપ્યું હતું ?
(A) સુશ્રી કૌમુદી જોશી (B) સુશ્રી કૌમુદી વ્યાસ
(C) સુશ્રી કૌમુદી દેસાઈ (D) સુશ્રી કૌમુદી મુનશી **(D)**

6. પ્રસિદ્ધ ગુજરાતી ગાયિકા સુશ્રી કૌમુદી મુનશીનું તાજેતરમાં નિધન થયું છે...તેમનો જન્મ કયાં થયો હતો ?
(A) વડનગર (B) ભાવનગર
(C) વિસનગર (D) ત્રણમાંથી કોઈ નહિ **(D)**

7. પ્રસિદ્ધ ગુજરાતી ગાયિકા સુશ્રી કૌમુદી મુનશીનું તાજેતરમાં નિધન થયું છે...તેમનો જન્મ કયાં થયો હતો ?
(A) વારાણસી (B) બનારસ
(C) કાશી (D) ઉપરોક્ત ત્રણેય **(D)**

8. 'The Nightingale of Gujarat' અથવા તો 'ગુજરાતની કોકિલા' તરીકે પ્રસિદ્ધ કયા મહિલા ગાયિકાનું તાજેતરમાં નિધન થયું છે ?
(A) સુશ્રી કૌમુદી જોશી (B) સુશ્રી કૌમુદી વ્યાસ
(C) સુશ્રી કૌમુદી દેસાઈ (D) સુશ્રી કૌમુદી મુનશી **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

9. ઓસ્કાર એવોર્ડ વિજેતા પ્રથમ ભારતીય કોણ છે ?
(A) શ્રી સત્યજીત રાય (B) સુશ્રી ભાનુ અથૈયા
(C) સુશ્રી મીરા નાયર (D) શ્રી ઈસ્માઈલ મર્ચન્ટ **(B)**

10. ઓસ્કાર વિજેતા પ્રથમ ભારતીય સુશ્રી ભાનુ અથૈયાનું નિધન થયું છે...તેમનો જન્મ ક્યાં થયો હતો ?
(A) પૂણે, મહારાષ્ટ્ર (B) મુંબઈ, મહારાષ્ટ્ર
(C) કોલ્હાપુર, મહારાષ્ટ્ર (D) સોલાપુર, મહારાષ્ટ્ર **(C)**

11. સુશ્રી ભાનુ અથૈયાને કઈ ફિલ્મ માટે ઓસ્કાર એવોર્ડ એનાયત થયો હતો ?
(A) લગાન (B) પ્રેમરોગ (C) સ્વદેશ (D) ગાંધી **(D)**

12. સુશ્રી ભાનુ અથૈયાને 'ગાંધી' ફિલ્મ માટે ક્યારે ઓસ્કાર એવોર્ડ એનાયત થયો હતો ?
(A) 1980 (B) 1983 (C) 1987 (D) 1991 **(B)**

13. સુશ્રી ભાનુ અથૈયાને 'ગાંધી' ફિલ્મ માટે 1983માં શા માટે ઓસ્કાર એવોર્ડ એનાયત થયો હતો ?
(A) Best Sound Mixing (B) Best Original Score
(C) Best Costume Design (D) Best Original Song **(C)**

14. સુશ્રી ભાનુ અથૈયાની કોસ્ચ્યુમ ડિઝાઈનર તરીકેની ફિલ્મ કારકિર્દીનો પ્રારંભ કઈ ફિલ્મથી થયો હતો ?
(A) ગાંધી (B) C.I.D. (C) પ્યાસા (D) કાગઝ કે ફૂલ **(B)**

15. સુશ્રી ભાનુ અથૈયાનું મુંબઈ ખાતે નિધન થયું છે...તેમને નીચેનામાંથી કયો/કયા એવોર્ડ એનાયત થયા હતા ?
1. ઓસ્કાર એવોર્ડ
2. નેશનલ ફિલ્મ એવોર્ડ
3. ફિલ્મફેર લાઈફટાઈમ એવોર્ડ
4. લાડલી લાઈફટાઈમ એવોર્ડ

Ans. (A) 1, 2, 3, 4 (B) 1, 2, 3 (C) 1, 3, 4 (D) 1, 2, 4 **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**17 OCTOBER, 2020 SATURDAY**

➤ દિવસ મહિમા : 17 ઑક્ટોબર,
(1) વિશ્વ ગરીબી નાબૂદ દિન
(International Day for the Eradication of Poverty)
(2) ડિજિટલ સોસાયટી દિવસ (Digital Society Day)

## વિશ્વ ગરીબી નાબૂદ દિન

સમગ્ર વિશ્વમાં ગરીબી નાબૂદી માટે થતા પ્રયાસોને પ્રોત્સાહન આપવા માટે તથા એ અંગે જાગૃતિ ફેલાવવા માટે દર વર્ષે 17 ઑક્ટોબરના રોજ 'વિશ્વ ગરીબી નાબૂદી દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- યુનાઈટેડ નેશન્સ દ્વારા 22 ડિસેમ્બર, 1992ના રોજ આ દિવસની ઉજવણીની મંજૂરી આપવામાં આવી હતી.
- વર્ષ 2020ની 'વિશ્વ ગરીબી નાબૂદી દિવસ'ની થીમ 'Acting Together to achieve Social and environmental justice all' છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAM

## ડિજિટલ સોસાયટી દિવસ

ભારતમાં 17 ઑક્ટોબર, 2000ના રોજ Information Technology Act, 2000 અમલમાં મૂકવામાં આવ્યો હતો.

- આથી, આ દિવસની યાદમાં ભારતમાં દર વર્ષે 17 ઑક્ટોબરના રોજ 'ડિજિટલ સોસાયટી દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.



## ➤ ભારતના પ્રસિદ્ધ ક્રિકેટ કોમેન્ટેટર અને સ્પોર્ટ્સ પત્રકાર શ્રી કિશોર ભિમાણીનું નિધન

ભારતના પ્રસિદ્ધ સ્પોર્ટ્સ પત્રકાર અને રેડિયો તથા ટીવીના ભૂતપૂર્વ ક્રિકેટ કોમેન્ટેટર શ્રી કિશોર ભિમાણીનું 15 ઓક્ટોબર, 2020ના રોજ કોલકાતા ખાતે કોરોનાથી 80 વર્ષની વયે નિધન થયું છે.


- શ્રી કિશોર ભિમાણીના પરિવારનું મૂળ વતન ગુજરાતનું કચ્છ-માંડવી છે.
- જોકે, તેમનો પરિવાર પશ્ચિમ બંગાળના કોલકાતામાં સ્થાયી થયો હતો.
- તેઓ 1980ના દાયકામાં રેડિયો અને દૂરદર્શનના માધ્યમથી ક્રિકેટ કોમેન્ટેટર તરીકે લોકપ્રિય થયા હતા.
- 1986માં મદ્રાસના ચેપોક મેદાન પર રમાયેલી અને ટાઈ થયેલી ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચેની ઐતિહાસિક મેચમાં તેઓ કોમેન્ટેટર હતા.
- ત્યારબાદ 1987માં અમદાવાદના મોટેરા સ્ટેડિયમ ખાતે રમાયેલી પાકિસ્તાન સામેની મેચમાં જ્યારે શ્રી સુનિલ ગાવાસ્કરે 10,000મો ટેસ્ટ રન બનાવ્યો ત્યારે પણ શ્રી કિશોર ભિમાણી કોમેન્ટેટર હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### શ્રી કિશોર ભિમાણી લેખક તરીકે

શ્રી કિશોર ભિમાણીએ 'ધ સ્ટેટ્સમેન' ન્યૂઝપેપર માટે વર્ષો સુધી કોલમ લખી હતી.

- તેમણે 'ધ એક્સિડેન્ટલ ઓડમેન' નામનું પુસ્તક પણ લખ્યું હતું.
- તેઓ 1978થી 1980 દરમિયાન કોલકાતા સ્પોર્ટ્સ જર્નાલિસ્ટ એસોસિએશનના પ્રમુખ પણ રહયા હતા.



**નોંધ :** (1) સ્પોર્ટ્સ ક્ષેત્રે યોગદાન બદલ તેમને 2013માં શ્રી રવિ શાસ્ત્રીને હસ્તે 'લાઈફ ટાઈમ અચિવમેન્ટ એવોર્ડ' પણ એનાયત થયો હતો.

(2) શ્રી કિશોર ભિમાણી 'વોઈસ ઓફ ક્રિકેટ' તરીકે પણ પ્રસિદ્ધ હતા.

## ➤ ગુજરાતના તાપી જિલ્લાના દોસવાડામાં સ્થપાશે વિશ્વનું સૌથી મોટું ઝિંક સ્મેલ્ટર કોમ્પ્લેક્સ

ઓક્ટોબર 2020 દરમિયાન ગુજરાતના મુખ્યમંત્રી **શ્રી વિજયભાઈ રૂપાણી**ની ઉપસ્થિતિમાં ગુજરાતના **ગાંધીનગર** ખાતે **ગુજરાત સરકાર** અને **વેદાન્તા ગ્રૂપ**ની **Hindustan Zinc Limited** નામની કંપની વચ્ચે એક **MoU** કરવામાં આવ્યા છે.

- આ અંતર્ગત વેદાન્તા ગ્રૂપની **હિન્દુસ્તાન ઝિંક લિમિટેડ** નામની કંપની ગુજરાતમાં આદિજાતિ વિસ્તારના **તાપી જિલ્લા**ના **દોસવાડા** ખાતે **'વિશ્વના સૌથી મોટા ઝિંક સ્મેલ્ટર કોમ્પ્લેક્સ'**ની સ્થાપના કરશે.
- આ માટે હિન્દુસ્તાન ઝિંક લિમિટેડ **દોસવાડા**માં **રૂ. 10,000 કરોડ**નું રોકાણ કરશે.
- **વેદાન્તા ગ્રૂપ**નું આ ગુજરાતમાં **પ્રથમ મોટું સાહસ** છે.
- આ ઉપરાંત **હિન્દુસ્તાન ઝિંક લિમિટેડ** આ આદિજાતિ વિસ્તારમાં **'સ્ટેટ ઓફ દ આર્ટ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ સેન્ટર'**ની પણ સ્થાપના કરશે.
- આ સેન્ટરની સ્થાપનાથી આ વિસ્તારના કુદરતી સંશાધનોનું ટેક્નોલોજી અને ઈનોવેશનની મદદથી સંરક્ષણ સવર્ધન થઈ શકશે.

**નોંધ :** (1) **Hindustan Zinc Limited** એ **ભારત**ની સૌથી મોટી અને **વિશ્વની બીજા નંબરની સૌથી મોટી** ઝિંક ઉત્પાદક કંપની છે.

(2) તેનું વડુંમથક **રાજસ્થાન**ના **ઉદયપુર** ખાતે આવેલું છે.

(3) **MoU**નું પૂરું નામ **Memorandum of Understanding** છે.

(4) **દોસવાડા** **તાપી જિલ્લા**ના **સોનગઢ** તાલુકામાં આવેલું છે.

vedanta
transforming elements

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ICE Questions

1. 'વિશ્વ ગરીબી નાબૂદી દિવસ' તરીકે કયા દિવસની ઉજવણી કરવામાં આવે છે ?
(A) 14 ઓક્ટોબર (B) 15 ઓક્ટોબર (C) 16 ઓક્ટોબર (D) 17 ઓક્ટોબર **(D)**

2. 'ડિજિટલ સોસાયટી દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 14 ઓક્ટોબર (B) 15 ઓક્ટોબર (C) 16 ઓક્ટોબર (D) 17 ઓક્ટોબર **(D)**

3. શ્રી કિશોર ભિમાણીનું તાજેતરમાં નિધન થયું છે...તેઓ કયા ક્ષેત્ર સાથે સંકળાયેલા હતા ?
(A) ફિલ્મ (B) સંગીત (C) શિક્ષણ (D) રમતગમત **(D)**

4. શ્રી કિશોર ભિમાણીનું તાજેતરમાં નિધન થયું છે...તેઓ કઈ રમત સાથે સંકળાયેલા હતા ?
(A) ક્રિકેટ (B) ટેનિસ (C) હોકી (D) વોલિબોલ **(A)**

5. 'વોઈસ ઓફ ક્રિકેટ' તરીકે પ્રસિદ્ધ ક્રિકેટ કોમેન્ટેટર શ્રી કિશોર ભિમાણીનું કયાં નિધન થયું છે ?
(A) માંડવી (B) મુંબઈ (C) પૂણે (D) કોલકાતા **(D)**

6. ગુજરાતના કયા જિલ્લામાં વિશ્વના સૌથી મોટા ઝિંક સ્મેલ્ટર કોમ્પ્લેકસની સ્થાપના થશે ?
(A) ડાંગ (B) નર્મદા (C) તાપી (D) વલસાડ **(C)**

7. ગુજરાતના તાપી જિલ્લાના કયા ગામમાં વિશ્વના સૌથી મોટા ઝિંક સ્મેલ્ટર કોમ્પ્લેકસની સ્થાપના થશે ?
(A) બહુરૂપા (B) રાયગઢ (C) બોરીકુવા (D) દોસવાડા **(D)**

8. ગુજરાતના તાપી જિલ્લાના કયા તાલુકાના દોસવાડામાં વિશ્વના સૌથી મોટા ઝિંક સ્મેલ્ટર કોમ્પ્લેકસની સ્થાપના થશે ?
(A) સોનગઢ (B) વ્યારા (C) નિર્ઝર (D) ઉચ્છલ **(A)**

9. ગુજરાતમાં તાપી જિલ્લાના સોનગઢ તાલુકાના દોસવાડા ખાતે વિશ્વના સૌથી મોટા ઝિંક સ્મેલ્ટર કોમ્પ્લેકસની સ્થાપના માટે ગુજરાત સરકાર અને કઈ કંપની વચ્ચે ગાંધીનગર ખાતે MoU થયા છે ?
(A) સનરાઈઝ ઝિંક લિમિટેડ (B) હિન્દુસ્તાન ઝિંક લિમિટેડ
(C) અંબુજા ઝિંક લિમિટેડ (D) રોઝ ઝિંક લિમિટેડ **(B)**

10. હિન્દુસ્તાન ઝિંક લિમિટેડ દ્વારા કેટલા રૂપિયાના ખર્ચે ગુજરાતના દોસવાડામાં વિશ્વના સૌથી મોટા ઝિંક સ્મેલ્ટર કોમ્પ્લેકસની સ્થાપના કરવામાં આવશે ?
(A) 5000 કરોડ (B) 10,000 કરોડ
(C) 12,000 કરોડ (D) 14,000 કરોડ **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

# ONE LINER
CURRENT AFFAIRS

## ગુજરાત

### ➤ ડૉ. મનાલી દેસાઈ કેમ્બ્રિજ યુનિવર્સિટીના ડિપાર્ટમેન્ટ ઓફ સોશિયોલોજીના વડા તરીકે ભારતીય મૂળના પ્રથમ વ્યકિત બન્યા

ભારતમાં ગુજરાતના મૂળ દાહોદના ડૉ. મનાલી દેસાઈની ઈંગ્લેન્ડની કેમ્બ્રિજ યુનિવર્સિટીના સમાજશાસ્ત્ર વિભાગના વડા તરીકે નિમણૂક કરવામાં આવી છે. આ સાથે જ ડૉ. મનાલી દેસાઈ આ હોદ્દા પર નિમણૂક પામનાર ભારતીય મૂળના પ્રથમ વ્યકિત બની ગયા છે.

### ➤ ગુજરાતના રાજકોટમાં જન્મેલા સુશ્રી માનસી જોશી ટાઈમ મેગેઝિનની 'નેક્સ્ટ જનરેશન'ની યાદીમાં ટોચના સ્થાને

સુશ્રી માનસી જોશી ગુજરાતના રાજકોટમાં જન્મેલા ભારતના પ્રસિદ્ધ પેરા બેડમિન્ટન ખેલાડી છે. એક અકસ્માતમાં ડાબો પગ ગુમાવ્યા બાદ પણ સુશ્રી માનસી જોશીએ વર્ષ 2019માં સ્વિત્ઝર્લેન્ડમાં BWF પેરા બેડમિન્ટન ચેમ્પિયનશિપમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો. આથી, વિશ્વ પ્રસિદ્ધ ટાઈમ મેગેઝિન દ્વારા તાજેતરમાં સુશ્રી માનસી જોશીને 'નેક્સ્ટ જનરેશન'ની યાદીમાં ટોચનું સ્થાન આપીને તેમનો ફોટો કવરપેજ પર છાપવામાં આવ્યો હતો.

### ➤ NCC કેડેટ્સને હવાઈ ઉડ્ડયનની તાલીમ આપવા માટે અમદાવાદમાં ગુજરાત NCCનું પ્રથમ સિમ્યુલેટર કાર્યરત

ગુજરાતમાં NCC કેડેટ્સને હવાઈ ઉડ્ડયનની પ્રાથમિક વર્ચ્યુઅલ તાલીમ આપવા માટે અમદાવાદમાં સિમ્યુલેટર કાર્યરત કરવામાં આવ્યું છે. જે ગુજરાત NCCનું પ્રથમ સિમ્યુલેટર છે. ગુજરાતમાં અમદાવાદ બાદ વડોદરામાં પણ NCCનું આવું બીજું સિમ્યુલેટર કાર્યરત કરવામાં આવશે. NCCનું પૂરું નામ National Cadet Corps છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ ગુજરાતના 500 ગામડાઓમાં રમતગમતના મેદાનો વિકસાવવામાં આવશે

ગુજરાતના મુખ્યમંત્રી **શ્રી વિજયભાઈ રૂપાણી**એ ગુજરાત રાજ્યના **રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ**ની ત્રણ યોજનાઓનું **ગાંધીનગર** ખાતેથી ઈ–લોકાર્પણ કર્યું છે. આ ત્રણ યોજનાઓમાં –

**(1) મોબાઈલ ટુ સ્પોર્ટ્સ**

**(2) રમતવીરો માટે રોજગાર માર્ગદર્શન કેન્દ્રો અને**

**(3) ગ્રામ્ય રમતગમત વિકાસ યોજના**

નો સમાવેશ થાય છે. જેમાં **ગ્રામ્ય રમતગમત વિકાસ યોજના** અંતર્ગત ગુજરાતના **500 ગામો**માં **રમતગમતના મેદાનો** વિકસિત કરવામાં આવશે. જ્યારે ગુજરાતમાં કોરોના મહામારી દરમિયાન યુવાનોને ઘેરબેઠા તાલીમ મળી રહે તે માટે **'મોબાઈલ ટુ સ્પોર્ટ્સ'**નો પ્રારંભ કરવામાં આવ્યો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ ગાંધીનગરની નેશનલ ફોરેન્સિક સાયન્સીસ યુનિવર્સિટીના પ્રથમ કુલપતિ તરીકે શ્રી જે. એમ. વ્યાસની નિમણૂક

ભારતમાં કેન્દ્ર સરકારે તાજેતરમાં ગુજરાતમાં ગાંધીનગર ખાતે આવેલી **'ગુજરાત ફોરેન્સિક સાયન્સીસ યુનિવર્સિટી'**ને **રાષ્ટ્રીય કક્ષા**નો દરજ્જો આપ્યો હતો. આથી, આ યુનિવર્સિટી હવે **'National Forencic Sciences University'** તરીકે ઓળખાય છે. આ અંતર્ગત આ નવી **'નેશનલ ફોરેન્સિક સાયન્સીસ યુનિવર્સિટી'**ના **પ્રથમ કુલપતિ** તરીકે **શ્રી જે. એમ. વ્યાસ**ની નિમણૂક કરવામાં આવી છે. ડાૅ. જે. એમ. વ્યાસ આ અગાઉ 'ગુજરાત ફોરેન્સિક સાયન્સીસ યુનિવર્સિટી'ના ડાયરેક્ટર જનરલ હતા.

## ICE ? Questions

- ઈંગ્લેન્ડની કેમ્બ્રિજ યુનિવર્સિટીના ડિપાર્ટમેન્ટ ઓફ સોશિયોલોજીના વડા તરીકે નિમણૂક પામનાર ભારતીય મૂળના પ્રથમ વ્યકિત કોણ છે ? – ડૉ. મનાલી દેસાઈ
- ગુજરાતના કયા મહિલા ખેલાડીને તાજેતરમાં ટાઈમ મેગેઝિનના કવર પેઈજ પર સ્થાન મળ્યું છે ? – સુશ્રી માનસી જોશી
- સુશ્રી માનસી જોશી કઈ રમત સાથે સંકળાયેલા છે ? – પેરા બેડમિન્ટન
- NCC કેડેટ્સને હવાઈ ઉડ્ડયનની પ્રાથમિક તાલીમ આપવા માટે ગુજરાતના કયા શહેરમાં ગુજરાત NCCનું પ્રથમ સિમ્યુલેટર કાર્યરત કરવામાં આવ્યું છે ? – અમદાવાદ
- ગ્રામ્ય રમતગમત વિકાસ યોજના અંતર્ગત ગુજરાતના કેટલા ગામોમાં રમતગમતના મેદાનો વિકસાવવામાં આવશે ? – 500
- ગાંધીનગરની 'નેશનલ ફોરેન્સિક સાયન્સીસ યુનિવર્સિટી'ના પ્રથમ કુલપતિ તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ? – ડો. જે. એમ. વ્યાસ

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS



# QUICK CURRENT
## QUESTIONS OF THIS WEEK

1. બ્રિટનના મહારાણી એલિઝાબેથ દ્વિતીયના 94મા જન્મદિવસે ગુજરાતી મૂળના કયા બે અબજોપતિ ભાઈઓને 'કમાન્ડર ઓફ ધ ઓર્ડર ઓફ ધ બ્રિટિશ એમ્પાયર' (CBE) ખિતાબથી સન્માનિત કરવામાં આવ્યા છે ? – શ્રી ઝુબેર અને શ્રી મોહસિન ઈસ્સા

2. ભારત સરકાર દ્વારા વર્લ્ડ બેન્ક પ્રાયોજિત ઈન્ટીગ્રેટેડ કોસ્ટલ ઝોન મેનેજમેન્ટ પ્રોજેક્ટ અંતર્ગત ભારતના કયા બીચની પસંદગી કરવામાં આવી છે ?
– શિવરાજપુર બીચ (દ્વારકા, ગુજરાત)
(આ પ્રોજેક્ટ અંતર્ગત પસંદગી પામનાર શિવરાજપુર બીચ વિશ્વનો 76મો અને એશિયાનો બીજો બીચ છે.)

3. જેલના બંદીવાનોના મનોરંજન માટે ગુજરાતની કઈ જેલમાં 'રેડિયો પ્રિઝન'નો નવતર પ્રકલ્પ શરૂ કરવામાં આવ્યો છે ? – સાબરમતી જેલ

4. ગુજરાતમાંથી દૂધના પાઉડરની નિકાસ માટે ગુજરાત સરકારે પ્રતિ કિલો કેટલા રૂપિયાની સહાય આપવાનો નિર્ણય કર્યો છે ? – રૂ. 50

5. ગુજરાતના પશુપાલકોને મદદરૂપ થવા માટે ગુજરાતમાંથી દૂધના પાઉડરની નિકાસ માટે ગુજરાત સરકારે પ્રતિ કિલો 50 રૂપિયાની સહાય આપવાનો નિર્ણય કર્યો છે. આ સહાય કેટલા રૂપિયાની મર્યાદામાં આપવામાં આવશે ? – રૂ. 150 કરોડ
(ગુજરાતમાં આગામી 6 મહિના માટે આ સહાય આપવામાં આવશે. સરકારના આ નિર્ણયથી દૂધ સંઘો 50,000 મેટ્રિક ટનથી વધુ દૂધ પાઉડરની નિકાસ કરી શકશે.)

INSTITUTE FOR COMPETITIVE EXAMS

6. સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત ગુજરાતના કયા શહેરમાં આવેલી કંસારા નદીના શુદ્ધિકરણ પ્રોજેક્ટનું ખાતમૂહુર્ત કરવામાં આવ્યું છે ? – ભાવનગર

7. સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત ગુજરાતના ભાવનગરમાં આવેલી કઈ નદીના શુદ્ધિકરણ પ્રોજેક્ટનું ખાતમૂહુર્ત કરવામાં આવ્યું છે ? – કંસારા નદી

8. ગુજરાતના કયા જંગલોમાં તાજેતરમાં 19 જાતિનાં દુર્લભ વૃક્ષો મળી આવ્યાં છે ?

– વલસાડ જિલ્લાના ધરમપુરના જંગલોમાં

9. ગુજરાત હાઈકોર્ટના કયા નિવૃત્ત કાર્યકારી મુખ્ય ન્યાયાધીશનું તાજેતરમાં નિધન થયું છે ?

– શ્રી અનંતકુમાર દવે

10. તાજેતરમાં વિશ્વના કયા શહેરમાં ક્વાડ દેશોના વિદેશ મંત્રીઓની બેઠકનું આયોજન થયું છે ?

– ટોકયો (જાપાન)

(ક્વાડ દેશોમાં ચાર દેશો ભારત, અમેરિકા, જાપાન અને ઓસ્ટ્રેલિયાનો સમાવેશ થાય છે.)

11. તાજેતરમાં ગુજરાતની કઈ કંપની દ્વારા ભારતમાં પ્રથમ વખત કેલ્શિયમ નાઈટ્રેટ અને બોર્નેટેડ કેલ્શિયમ નાઈટ્રેડનું ઉત્પાદન શરૂ કરવામાં આવ્યું છે ?

– Gujarat State Fertilizers and Chemicals (GSFC) Limited

12. કોરોના મહામારીથી પ્રભાવિત થયેલા પર્યટન ઉદ્યોગને ફરીથી પુનર્જીવિત કરવા માટે ભારતના કયા રાજ્યમાં 'પર્યટન સંજીવની યોજના'ની જાહેરાત કરવામાં આવી છે ?

– આસામ

(આ યોજના અંતર્ગત આ ઉદ્યોગ સાથે સંકળાયેલા વ્યાપારીઓને 1 થી 20 લાખ રૂપિયા સુધીની લોન આપવામાં આવશે.)

13. તાજેતરમાં ભારતના કયા રાજ્યમાં કોઝિકોડ–વાયનાડ ટનલ પ્રોજેક્ટનો પ્રારંભ થયો છે ?

– કેરળ

(આ 7 કિમી લાંબી ટનલ કેરળના કોઝિકોડને વાયનાડ સાથે જોડે છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ**
**તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે**
**નીચે આપેલા અમારા**
Social Media Icon **પર** Click **કરો.**

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT